
જામિઅહ ઉલૂમુલ કુર્આન, જંબુસરનું મુખપત્ર

# અલ-બલાગ

## માસિક
## જુલાઈ - ૨૦૨૪



માનદ તંત્રી

**અહમદ યાકૂબ પટેલ**

મુહતમિમ : જામિઅહ ઉલૂમુલ કુર્આન, જંબુસર

## અનુક્રમણિકા


| | |
|---|---|
| તંત્રી સ્થાનેથી | ૩ |
| નબવી દોરના એક કિસ્સાના બોધપાઠો | ૫ |
| મઆરિફુલ હદીસ | ૯ |
| ઈખ્તેલાફમાં મર્યાદા જાળવવી જરૂરી | ૧૫ |
| સુલતાન શમ્સુદીન અલતમશ | ૧૮ |
| મહમૂદુલ ખસાઈલ | ૨૧ |
| હઝ. હસન અને હુસૈન રદિ. | ૨૪ |
| ફતાવા વિભાગ | ૩૧ |
| બોધ કથા | ૩૩ |
| Muharram: Misconceptions and Baseless Traditions | ૩૪ |
| છેલ્લા પાને | ૩૮ |


● તમે કોઈની સાથે ભલાઈ કરો તો પછી લોકો સામે એનું વર્ણન કરવાથી બચો.

● તમારા સાથે કોઈ બુરાઈ કરે તો પણ લોકો સામે એનું વર્ણન કરવાથી બચો.

● અને કોઈ તમારા સાથે ભલાઈ કરે તો ભુલશો નહીં.


# અલ બલાગ

માસિક

માનદ તંત્રી :

**મુફતી અહમદ દેવલ્વી**

જુલાઈ – ૨૦૨૪ ઈ.

મુહર્રમ – ૧૪૪૬ હિ.

વર્ષ – ૨૪, અંક – ૫

વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦–૦૦

છુટક કિંમત : ૧૦–૦૦ રૂા.

https://www.jamiahjambusar.in/Al_Balag.php

## તંત્રી સ્થાનેથી

હક અને બાતિલ, સત્ય અને અસત્યની લડાઈ શરૂથી જ ચાલતી આવી છે. અલ્લાહ તઆલાએ માણસને પેદા કર્યો ત્યારથી જ.. અનેક રીતે વિવિધ સ્વરૂપે આ લડાઈ અને કશમકશ જાહેર થતી રહી છે. આગલા નબીઓના કિસ્સાઓ અલ્લાહ તઆલાએ કુરઆનમાં વર્ણવ્યા છે. એ બધા હક અને બાતિલની લડાઈના જ છે. કતલ કરવા, ભુખ્યા તરસ્યા રાખવા, ગુલામ બનાવીને મજૂરી કરાવવી, ગામમાંથી કે દેશમાંથી કાઢી મુકવા, બુમો, તાળીઓ કે સીટીઓ વગાડીને અપમાનિત કરવા... અનેક રીતે આ સચ્ચાઈ સામે અસત્ય બાથ ભીડતું રહયું છે. કરબલાના મેદાનમાં હઝ. હુસૈન રદિ.ની શહાદત પણ આ સિલસિલાની એક કડી છે.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ફરમાવી ગયા છે કે, પહેલાંના ઝમાનામાં જયારે કોઈ ભયકંર બદી અને બુરાઈ કોમમાં ફલાય જતી તો અલ્લાહ તઆલા કોઈ નબીને મોકલતા અને તે સુધારણાની ચળવળ ચલાવતા, પણ નબીઓનો સિલસિલો બંધ થઈ ગયો એટલે મારા પછી કોઈ નબી નહીં આવે, એટલે હવે પછી કોમના જાગૃત લોકો, દીની ગૈરત ધરાવતા યોદ્ધાઓ જિહાદ કરીને આ કામ પુરું કરશે.

મુસ્લિમ ઈતિહાસકાર ઉલમા લખે છે કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પછી મુસલમાનોના ખલીફા અને હાકેમ બનાવવાની જે ઈસ્લામી રીત સહાબા રદિ. દ્વારા નક્કી કરવામાં આવી હતી તે એ હતી કે મુસલમાનો માંહેથી સમજદાર, નેક અને આગેવાન લોકો પોતાનામાંથી દરેક રીતે (ઇલ્મ, અમલ, તકવા, હોશિયારી, મુસલમાનોની ખેરખ્વાહી, દુરંદેશી વગેરે) કાબેલિયતના આધારે એક માણસને નક્કી કરીને ખલીફા બનાવે. આ રીત – પ્રણાલી હઝ. હસન રદિ. સુધી ચાલતી રહી. ત્યાર પછી એમણે સુલહ કરીને હઝ. અમીર મુઆવિયહ રદિ.ને પોતાના અને મુસલમાનોના અમીર તરીકે સ્વીકાર્યા એટલે તેઓ મુસલમાનોના ખલીફા બન્યા. અલબત્ત હઝ. અમીર મુઆવિયહ રદિ.ને વફાત પહેલાં અમુક લોકોએ આ બાબતે રાજી કરી લીધા કે તેઓ એમના પછી એમના દીકરા યઝીદને ખલીફા નિયુકત કરી દે, જેથી તે એમના પછી ખલીફા બને. એટલે હઝ. અમીર મુઆવિયહ રદિ. પછી યઝીદે પોતાના માંહે પૂર્ણ કાબેલિયત ન હોવા અને અન્ય કાબેલ લોકો હોવા

છતાં પોતાને મુસલમાનોના અમીર બતાવીને મુસલમાનોથી બયઅત લેવાની શરૂ કરી. આમ આ વેળા ખલીફા બનાવવાની રીત ઈસ્લામી રીત છોડીને બીજી રીત અપનાવવામાં આવી હતી. ઘણા બધા સહાબા આ બાબતે રાજી ન હતા. પણ હઝ. હુસૈન રદિ.એ આ બાબતે જાહેર વિરોધ કરવાનું નક્કી કર્યુ અને આખરે તેઓ એક ઈસ્લામી પરંપરાની હિફાઝત ખાતર શહીદ થઈ ગયા.

આ જ મતલબ છે ઉપર વર્ણવેલી હદીસનો કે હવે મારા પછી કોઈ સુધારણા માટે નબી નહીં આવે. ઉમ્મતના ગેરતમંદ લોકોએ જ દીનની હિફાજત કરવાની છે.

બીજી એક હદીસમાં છે કે મારી ઉમ્મતમાં કયામત સુધી એક એવી જમાત – સમુહ જરૂર રહેશે જે સાચી રીતે દીન ઉપર અમલ કરશે અને દીનની હિફાજત કરશે. આ હદીસમાં દીન ઉપર કાયમ રહેનાર અને દીનની હિફાજત કરનાર જમાતથી કોણ મુરાદ છે ? એની સ્પષ્ટતાં કરતાં ઉલમાએ અનેક જમાતો – સમુહોનું નામ લીધું છે. અમુક લોકોનું કથન છે કે એનાથી મુજાહિદીન મુરાદ છે. અમુક લોકો કહે છે કે એનાથી ઉલમા મુરાદ છે. અમુક લોકો કહે છે કે આ ફુકહા – મુજતહિદીનની જમાત છે. જયારે ઈમામ નવવી રહ. ફરમાવે છે કે એવું પણ હોય શકે છે કે દીનના વિવિધ ભાગો અને પાસાઓમાં સેવા આપતા લોકોમાં ચુસ્ત અને તટસ્થ લોકોની એક એવી જમાત અલ્લાહ તઆલા પેદા કરતા રહે જે દીન બાબતે કોઈ પણ પ્રકારની ચુક કે ફેરફારનો વિરોધ કરશે અને દીનની એના અસલી સ્વરૂપમાં બાકી રાખશે. જિહાદ કરનાર લોકોમાં એક આવી જમાત હશે, ઉલમા અને ફુકહામાં આવી જમાત હશે, અમ્ર બિલ મઅરૂફ અને નહિ અનિલ મુન્કર કરનાર લોકોમાં પણ આવી એક તટસ્થ જમાત હશે. એટલે કે દીનના અલગ અલગ ભાગોમાં કામ કરનાર લોકો પણ અનેક પ્રકારના હશે, ઘણા એવા હશે કે તેઓ કંઈ ઓછા વધતા કે સારા નરસાને ચલાવી લેશે, પણ એક નાની જમાત દરેક કાળે એવી હશે કે જે કોઈ ફેરફાર કે બાંધછોડ ચલાવી લેશે નહીં અને પોતાની પુરી શકિત સાથે દીનને એના મુળ સ્વરૂપે બાકી રાખવાની કોશિશ કરશે. હઝ. હુસૈન રદિ.ની લડાઈ અને શહાદત આ જ મકસદે હતી. એમની નિયત કે મકસદ ખલીફા બનીને સત્તા પામવાનો ન હતો. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના પ્યારા નવાસા હોવાનું બહુમાન એટલી મોટી વાત હતી કે એવા માણસને સત્તાનો ખ્યાલ પણ ન આવે. ● ●

કોઈને ગુનામાં ફસાવવો, ખોટો ફેસલો કરાવવો

# નબવી દોરના એક કિસ્સાના બોધપાઠો

ગુનાહિત મશ્વેરા અને ગેરઈસ્લામી રાહે ચાલવું

=મુફતી ફરીદ અહમદ કાવી.=

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

وَلَوْلَا فَضْلُ اللَّهِ عَلَيْكَ وَرَحْمَتُهُ لَهَمَّت
طَّائِفَةٌ مِّنْهُمْ أَن يُضِلُّوكَ وَمَا يُضِلُّونَ
إِلَّا أَنفُسَهُمْ ۖ وَمَا يَضُرُّونَكَ مِن شَيْءٍ ۚ
وَأَنزَلَ اللَّهُ عَلَيْكَ الْكِتَابَ وَالْحِكْمَةَ
وَعَلَّمَكَ مَا لَمْ تَكُن تَعْلَمُ ۚ وَكَانَ فَضْلُ
اللَّهِ عَلَيْكَ عَظِيمًا ﴿١١٣﴾ لَّا خَيْرَ فِي كَثِيرٍ
مِّن نَّجْوَاهُمْ إِلَّا مَنْ أَمَرَ بِصَدَقَةٍ أَوْ
مَعْرُوفٍ أَوْ إِصْلَاحٍ بَيْنَ النَّاسِ ۚ وَمَن
يَفْعَلْ ذَٰلِكَ ابْتِغَاءَ مَرْضَاتِ اللَّهِ
فَسَوْفَ نُؤْتِيهِ أَجْرًا عَظِيمًا ﴿١١٤﴾ وَمَن
يُشَاقِقِ الرَّسُولَ مِن بَعْدِ مَا تَبَيَّنَ لَهُ
الْهُدَىٰ وَيَتَّبِعْ غَيْرَ سَبِيلِ الْمُؤْمِنِينَ
نُوَلِّهِ مَا تَوَلَّىٰ وَنُصْلِهِ جَهَنَّمَ ۖ وَسَاءَتْ
مَصِيرًا ﴿١١٥﴾

તરજમહ : અને જો તમારા ઉપર અલ્લાહની મહેરબાની અને દયા ન ઉતરી હોત તો (તમારી આસપાસના) લોકોના એક જુથે તમને ધોકો આપવાનો ઈરાદો કરી જ લીધો હતો. આવા લોકો ફકત પોતાની ઝાતને જ દગો કરી શકે છે અને તમારું કંઈ નુકસાન કરી શકે નહીં. અને અલ્લાહ તઆલાએ તમારા ઉપર કિતાબ અને હિકમત ઉતારી છે, તેમજ તમને એવી વાતો શીખવી છે જે તમે જાણતા ન હતા અને તમારા ઉપર અલ્લાહની મહેરબાની મહાન વસ્તુ છે. (૧૧૩) લોકોની છુપી મસલતોમાં કોઈ ભલાઈ નથી હોતી, સિવાય કે કોઈ સદકો અથવા નેક કામ કરવા કે લોકોમાં સમાધાન માટે કોઈ મશ્વરો આપે, અને જે કોઈ આવા કામ અલ્લાહની રઝામંદી મેળવવા માટે કરશે તો અમે તેને જલદી જ મહાન સવાબ આપીશું. (૧૧૪) અને જે માણસ હિદાયતની રાહ સ્પષ્ટ થઈ પણ રસૂલે ખુદાની વિરુદ્ધ જાય અને મુસલમાનોના રસ્તો સિવાય કોઈ રાહ અપનાવશે તો જે તરફ જશે એ

તરફ જ જવાઈ દઈશું અને આખિરતમાં તેને જહન્નમમાં દાખલ કરીશું. અને તે ઘણું ખરાબ ઠેકાણું છે. (૧૧૫)

તફસીર : અગાઉની આયતોમાં એક બશીર નામના મુનાફિક અને એક યહૂદીનો કિસ્સો હતો કે મુનાફિકે ચોરી કરીને એનો આરોપ એક યહૂદી ઉપર નાંખીને એને ફસાવવાની કોશિશ કરી હતી. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાસે આ વાત પહોંચી તો મુનાફિકના કબીલાવાળા લોકોએ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાસે આવીને એવી વાતો રજૂ કરી કે ઘડીવાર તો રસૂલે ખુદાને પણ એમ થયું કે આ લોકો સાચા છે અને યહૂદી જ ચોર છે. જે મુસલમાનના ઘરે ચોરી થઈ હતી એમને આપે કહી પણ દીધું કે તમે શીદના આ મુનાફિક (મુસલમાન) ઉપર આરોપ મુકો છો ? અલબત્ત ત્યાર પછી અલ્લાહ તઆલાએ કુરઆનની આયતો મારફતે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે સાચી ખબર આપી.. આ બધી વિગત અગાઉની આયતોની તફસીરમાં આવી ગઈ છે.

આ આયતો (૧૧૩–૧૧૫)માં પણ આ કિસ્સાના બોધપાઠો અને અમુક નસીહતો – તાકીદો વર્ણવવામાં આવી છે.

પહેલી આયતમાં કહેવામાં આવ્યું છે કે ચોર અને એના હિમાયતી કબીલાના લોકોએ તો નક્કી કરી લીધું જ હતું કે આ કેસમાં તમને ધોકો આપે, સાચા ગુનેગાર સુધી પહોંચવા ન દે અને એક ખોટા માણસ ઉપર આરોપ મુકીને એના ઉપર તમારા મારફત આરોપ પુરવાર કરી દયે. આ માટે તેમણે મશ્વેરા અને રાતની મીટીંગો પણ કરી હતી. અલબત્ત અલ્લાહ તઆલાએ પોતાના નબીને બધી જાણકારી આપીને ખોટો ફેસલો કરવાથી પણ બચાવ્યા અને મુનાફિકોની ચાલમાં આવી જવાથી પણ હિફાજત ફરમાવી. આ બધું નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ઉપર અલ્લાહ તઆલાની વિશેષ રહમત અને મહેરબાની છે.

પછી અલ્લાહ તઆલા ફરમાવે છે કે હે નબી ! જો એ લોકો ફાવી જત અને તમારી પાસે ખોટો ફેસલો કરાવી પણ લેત તો એમાં એમની જ ગુમરાહી અને ભૂલ છે. નબીની કોઈ ભૂલ કે ગુમરાહી ગણાત નહીં. એટલે જ આપની સામે મોજૂદ તથ્યો – પુરાવાના આધારે આપ ફેસલો કરત અને તે વાસ્તવિક સ્થિતિ

મુજબ ખોટો હોત એનો સંપૂર્ણ ગુનો એ મુનાફિકો ઉપર જ આવત.

આ આયતના આધારે અને બીજી અમુક હદીસોના આધારે ઉલમાએ લખ્યું છે કે જયારે કોઈ કાજી કે લવાદ સમક્ષ કોઈ વિવાદ આવે અને ફસલો કરવાનો હોય તો ગવાહી, પુરાવા વગેરે તથ્યો સામે રાખીને જ ફેસલો કરવાનો હોય છે. પછી બધી ચોકસાઈ રાખીને જે ફેસલો કરવામાં આવે અને કદાચ એ ફેસલો ફેસલો વાસ્તવિક સ્થિતિ પ્રમાણે ન હોય તો એમાં ફેસલો કરનાર ગુનેગાર નહીં ગણાય, બલકે એને તો જવાબદારી પૂર્ણ કરવામાં પુરતા પ્રયાસો કરવાનો સવાબ મળશે. આવી સ્થિતિમાં ખોટો ફેસલો થવાનો સંપૂર્ણ ગુનો ફેસલો ખોટા પુરાવાઓ, જૂઠી ગવાહી કે ગલત તથ્યો રજૂ કરનાર ધોકેબાઝ ઉપર પુરો ગુનો આવે છે.

પછી અલ્લાહ તઆલા ફરમાવે છે કે આ કિસ્સામાં તો અમે તમને બધી વિગત બતાવી દીધી એટલે જાહેરી રીતે પણ તેઓ તમને કોઈ નુકસાન કે દગો કરી શકયા નહીં. તમે આમ એટલા માટે મહફૂજ રહયા કે અમે તમારા ઉપર કિતાબ ઉતારી છે. હિકમતની વાતોની સમજ આપીએ છીએ અને એવી વાતો શીખવાડીએ છીએ જે તમે પોતે જાણી શકતા નથી.

આ આયતથી સ્પષ્ટ થાય છે કે અલ્લાહ તઆલાએ કિતાબ એટલે કે કુરઆન ઉપરાંત પણ ઘણું બધું (ઈલ્મ, હુકમો, હિકમત) નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને આપ્યું હતું. એટલે જ શરીઅતમાં આપની હદીસોનું મોટું સ્થાન છે અને એના થકી પણ હલાલ, હરામ વગેરે શરીઅતના હુકમો નક્કી કરવામાં આવે છે.

પછી આયત નં :૧૧૪ માં સકારાત્મક અને નકારાત્મક બે કામોનું વર્ણન છે. આ કામો તો મુળ રીતે તો મુનાફિકોના હતા પણ એમાં દરેક માટે સબક અને બોધ છે. અલ્લાહ તઆલા ફરમાવે છે કે આ લોકો જે કંઈ રાતની ગુપ્ત મીટીંગો અને છુપા મશ્વેરાઓ કરે છે એમાં કોઈ ભલાઈ નથી. કારણ કે એમાં રસૂલને દગો આપવાના કે મુસલમાનોને નુકસાન કરવાના આવા પ્રપંચો રચવામાં આવે છે. હા કોઈ માણસ કે જમાઅત એટલા માટે મીટીંગો યોજે કે મશ્વેરા કરે કે લોકોને સદકો કરવાનું કહેવામાં આવે, કોઈ અન્ય ભલાઈ માટે લોકોને કહેવામાં આવે (અમ્ર બિલ મઅરૂફ) કે લોકો વચ્ચે સુલહ કરાવવા

માટે મશ્વેરો કરવામાં આવે, અને એમાં અલ્લાહ તઆલાની રઝામંદી અસલ મકસદ હોય તો આ ભલાઈનું કામ છે. મુનાફિક લોકોએ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને દગો આપવા અને ખોટી રીતે યહૂદીના માથે આરોપ મુકવા માટે રાત્રે મશ્વેરા કર્યા હતા, એના ખંડનમાં આ બધું અલ્લાહ તઆલાએ ફરમાવ્યું છે.

ઉપરોકત કિસ્સાનો મુખ્ય ગુનેગાર મુનાફિક પાછળથી મક્કા ચાલ્યો ગયો હતો, અને કાફિરો સાથે ભળી ગયો હતો, એના અનુસંધાને અલ્લાહ તઆલા દરેક આવા માણસ માટે ફરમાવે છે કે, સચ્ચાઈ સામે પડયો હોય, હિદાયતનો માર્ગ સ્પષ્ટ રીતે સમજમાં આવી ગયો હોય, છતાં એને અપનાવવાના બદલે કોઈ માણસ રસૂલે ખુદાના વિરોધમાં જાય, મુસલમાનોના રસ્તે એમની સાથે ન ચાલે બલકે મુસલમાનોના દુશ્મોના સાથે થઈ એમની સાથે ચાલે તો પછી અમે પણ એને એ જ રસ્તે ફેરવી દઈએ છીએ, એને ત્યાંથી હિદાયતના રસ્તે પાછા આવવાની તોફીક આપતા નથી, જેથી એના પાપનો ઘડો ભરાય જાય અને અંતે એને જહન્નમની સઝા મળે.

છેલ્લી આયતમાં એવા માણસની બુરાઈ કરવામાં આવી છે જે મુસલમાનોનો રસ્તો છોડીને વિધર્મીઓના રસ્તે ચાલે. આ વાત ઘણી જ બારીક અને સમજવાની છે. આજકાલ મોર્ડન લોકોને મુસલમાનોની રીત – ભાત જૂનવાણી લાગે છે, તેઓ આધુનિક બનવાના નામે ઈસ્લામી આમાલ અને ઈસ્લામી વિચારસરણી (અકાઈદ)ને તુચ્છ ગણે છે અને ઈસ્લામને અનુસરતા મુસલમાનોને પણ તુચ્છ નજરે જુએ છે. આ હરકત ભયંકર રીતે નુકસાનકર્તા છે, એનાથી બચવું જરૂરી છે. અને મુસલમાન વ્યકિતએ મુસલમાનો સાથે રહીને ઈસ્લામ ઉપર અમલ કરવો જરૂરી છે.

સામુહિક રીતે લેવામાં આવતા નિર્ણયોમાં પણ કોમ સાથે રહેવું જરૂરી હોવાનું આ આયતથી પુરવાર થાય છે. ઘણા લોકો પોતાના સ્વાર્થ ખાતર કોમ અને સમાજથી અળગા ચાલે છે, વિધર્મીઓ પાસે જઈને પોતાની કોમની બુરાઈ કરે છે, ચાડી ખાય છે, વગેરે.. આ બધું ખુદાનો અઝાબ અને નારાજગી લાવનારી વસ્તુ છે.

---

# મઆરિફુલ હદીસ

હઝરત મવલાના મંઝૂર નોમાની (રહ.)
**અનુવાદ** : *મવલાના યાકૂબ બારીવાલા સા. રહ.*
*(બ્લેકબર્ન. યુ.કે.)*

૧૮૪

## અલ્લાહ તઆલાના ઝિક્રની ફઝીલત

(٦) عَنْ اَبِی الدَّرْدَاءؓ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اَلَا اُنَبِّئُكُمْ بِخَيْرِ اَعْمَالِكُمْ وَاَزْكَاهَا عِنْدَ مَلِيكِكُمْ وَاَرْفَعِهَا فِی دَرَجَاتِكُمْ وَخَيْرٍ لَّكُمْ مِنْ اِنْفَاقِ الذَّهَبِ وَالْوَرَقِ وَخَيْرٍ لَّكُمْ مِنْ اَنْ تَلْقُوْا عَدُوَّكُمْ فَتَضْرِبُوْا اَعْنَاقَهُمْ وَيَضْرِبُوْا اَعْنَاقَكُمْ؟ قَالُوْا بَلٰى قَالَ ذِكْرُ اللّٰهِ۔ (رواه احمد والترمذی و ابن ماجة)

હઝરત અબુ દરદાઅ રદિ.થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું : શું તમને તે અમલ બતાવું જે તમારા સર્વે સારા અમલોમાંથી સૌથી ઉત્તમ અને તમારા માલિક સમક્ષ વધુ પવિત્ર છે. અને તમારા દરજાઓ બીજા અમલો કરતાં વધુ ઉંચા કરનાર છે અને અલ્લાહ તઆલાના રસ્તામાં સોનુ, ચાંદી ખર્ચ કરવાથી પણ વધુ તેમાં ભલાઈ છે અને જિહાદથી પણ વધારે તમારા માટે તેમાં ભલાઈ છે જેમાં તમે તમારા અને ખુદાના શત્રુઓને મોતની ઘાટ ઉતારો, અને તેઓ તમને ઝુબેહ કરે, અને શહીદ કરે ? સહાબા રદિ.એ અરજ કરી હા, યા રસૂલલ્લાહ ! એવો અમુલ્ય અમલ જરૂર બતાવો તો આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું : તે અલ્લાહનો ઝિક્ર છે. (મસ્નદે અહમદ, તિર્મિઝી)

ખુલાસો :– આ હદીસ અસલમાં કુર્આનની આયત (વ–લ–ઝિક્રુલ્લાહિ અક્બર)ની તશરીહ અને તફસીર છે. બેશક "અલ્લાહનો ઝિક્ર" એ હિસાબે કે તે મૂળભુત આધારે મહાન હેતુ અને અલ્લાહની રજામંદી તેમ તેની

નઝદીકીનું સૌથી નજીકનું સાધન છે. અને તે બીજા બધા અમલોથી બેહતર અને ઉત્તમ છે. અને એ કોઈ ખાસ હાલતમાં અને કોઈ અચાનક હાલતમાં સદકો અને અલ્લાહના રસ્તામાં ખાસ અલ્લાહ ખાતર ખર્ચ કરવામાં અથવા જિહાદ અને અલ્લાહની રાહમાં લડવાથી વધુ મહત્વતા મેળવવામાં રૂકાવટ બની શકે નહીં. એ જ મુજબ એમ પણ બની શકે છે કે એક અમલ એક હિસાબે અફઝલ અને અગત્યનો હોય, અને બીજા હિસાબે કોઈ બીજો અમલ તેનાથી વધુ અગત્યતા ધરાવતો હોય, ઉપરોકત વર્ણવેલ હઝરત અબૂ સઈદ ખુદરી રદિ. અને હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર રદિ.ની હદીસોનો ભાવાર્થ પણ લગભગ એ જ છે. અને તેમાં દરેક હદીસ બીજી હદીસની શર્હ અને ટેકા રૂપ બને છે.

(٧) عَنْ اَبِىْ سَعِيْدٍؓ اَنَّ رَسُوْلَ اللّٰهِ ﷺ سُئِلَ اَىُّ الْعِبَادِ اَفْضَلُ؟ وَاَرْفَعُ دَرَجَةً عِنْدَ اللّٰهِ يَوْمَ الْقِيٰمَةِ ؟ قَالَ الذَّاكِرُوْنَ اللّٰهَ كَثِيْرًا وَّالذَّاكِرَاتِ قِيْلَ يَارَسُوْلَ اللّٰهِ وَمِنَ الْغَازِىْ فِى سَبِيْلِ اللّٰهِ ؟ قَالَ لَوْ ضَرَبَ بِسَيْفِهٖ فِى الْكُفَّارِ وَالْمُشْرِكِيْنَ حَتّٰى يَنْكَسِرَ وَيَخْتَضِبَ دَماً فَاِنَّ الذَّاكِرَ لِلّٰهِ اَفْضَلُ مِنْهُ دَرَجَةً (احمد والترمذى)

હઝરત અબુ સઈદ ખુદરી રદિ.થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)થી પુછવામાં આવ્યું કે યા રસૂલલ્લાહ ! બંદાઓમાં કોણ (એટલે શું અમલ કરનાર) સૌથી વધુ અફઝલ છે. અને કયામતમાં અલ્લાહના ત્યાં કોને વધારે મોટો દરજ્જો મળશે ? આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું અલ્લાહ તઆલાને ત્યાં વધુ યાદ કરનાર બંદાઓ અને બંદીઓ, (એટલે અફઝલીયત અને દરજાઓનું બુલંદ હોવું કયામતમાં તેમના જ માટે છે.) અરજ કરવામાં આવ્યું યા રસૂલલ્લાહ ! શું એ લોકોનો દરજ્જો તે બંદાઓથી પણ ઉંચો છે, જેઓ (માથે કફન બાંધી) અલ્લાહ તઆલાના રસ્તામાં જિહાદ કરે છે ? આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું : જો કોઈ બંદાએ (એ પ્રમાણે જિહાદમાં પોતાની જાત ખપાવી કે) હકના શત્રુઓ (કાફિરો અને મુશ્રીકો) ની સફોમાં જઈ તલવાર ચલાવી, એટલે સુધી કે તલવાર તૂટી ગઈ, અને તે શત્રુઓના હાથે ઘાયલ થઈ લોહીમાં તળબોળ થઈ ગયો, તો પણ અલ્લાહ

તઆલાનો ઝિક્ર કરનાર દરજ્જામાં તેનાથી અફઝલ છે.

(٨) عَنْ عَبْدِ اللّٰهِ بْنِ عُمَرَ عَنِ النَّبِيِّ ﷺ اَنَّهٗ كَانَ يَقُوْلُ لِكُلِّ شَيْءٍ صِقَالَةٌ وَصِقَالَةُ الْقُلُوْبِ ذِكْرُ اللّٰهِ وَمَا مِنْ شَيْءٍ اَنْجٰى مِنْ عَذَابِ اللّٰهِ مِنْ ذِكْرِ اللّٰهِ ، قَالُوْا وَلَا الْجِهَادُ فِي سَبِيْلِ اللّٰهِ قَالَ وَلَاۤ اَنْ يَّضْرِبَ بِسَيْفِهٖ حَتّٰى يَنْقَطِعَ۔

(رواه البيهقى فى الدعوات الكبير)

હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર રદિ.થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) ફરમાવ્યા કરતા હતા કે દરેક વસ્તુની સફાઈ માટે કોઈ મસાલો હોય છે. અને દિલની સફાઈનો મસાલો અલ્લાહ તઆલાની યાદ છે. અને અલ્લાહ તઆલાના અઝાબથી બચાવનાર અને છુટકારો અપાવવામાં અલ્લાહ તઆલાનો ઝિક્ર જેટલો અસર કારક છે એટલી બીજી કોઈ વસ્તુ નથી. લોકોએ અરજ કરી યા રસૂલલ્લાહ ! શું અલ્લાહ તઆલાના રસ્તાનો જિહાદ પણ નહીં? આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ઈર્શાદ ફરમાવ્યો હા, તે જિહાદ પણ અલ્લાહ તઆલાના અઝાબથી બચાવવામાં અલ્લાહ તઆલાના ઝિક્ર જેટલો અસર કારક નથી, જેનો કરનાર એવી જાત તોડ મહેનતથી જિહાદ કરે કે તલવાર વાપરતાં તેની તલવાર પણ તૂટી જાય.

ખુલાસો :– ખરી હકીકત એ જ છે કે બધા નેક અમલોના મુકાબલામાં "અલ્લાહ તઆલાનો ઝિક્ર" અફઝલ અને અલ્લાહ તઆલાની નજરમાં વધુ પ્યારો છે. (ولذكر اللّٰه اكبر) બંદાને અલ્લાહ તઆલાથી જે નઝદીકી અને તેના કારણે જે સઆદત અને ઈઝઝત ઝિક્ર વખતે મળે છે. તે બીજા કોઈ અમલ વખતે મળતી નથી. પરંતુ શર્ત એ છે કે ઝિક્ર અઝમત અને મહોબ્બત તેમ અલ્લાહ તઆલાનો ભય તથા દિલી ધ્યાન સાથે હોય, અલ્લાહ તઆલાનો ઈર્શાદ : "فاذكرونى اذكركم" (તમે મને યાદ કરો હું તમને યાદ કરીશ) અને હદીસે કુદસી "انا جليس من ذكرنى" (હું મને યાદ કરનારા બંદા સાથે અને તેનો સાથી રહું છું.) (અને મારો બંદો જયારે મારો ઝિક્ર કરે છે. અને તેના હોઠ મને યાદ કરતી વખતે હલે છે તે વખતે હું તેની સાથે અને પાસે હોઉં છું. મતલબ કે કુર્આન હદીસની ખુલ્લી આયતોનો ભાવાર્થ એ જ છે કે બધા નેક અમલોમાં અલ્લાહ તઆલાનો ઝિક્ર અફઝલ

અને અલ્લાહ તઆલાના ત્યાં ઘણો જ પ્યારો અને તેની રજામંદી તેમ નઝદીકી માટે ખાસ જ વસીલો છે. હા એ ખ્યાલ રાખવો જોઈએ કે એ ઝિક્રમાં નમાઝ અને કુર્આનની તિલાવત વગેરે એવા પ્રકારની બધી ઈબાદતો પણ શામેલ છે.

## ખાસ જીભ વડે થતા ઝિક્રની ફઝીલત

(٩) عَـنْ عَبْـدِ اللّٰهِ بْنِ بُسْرٍ رضؓ قَالَ جَاءَ اَعْرَابِىٌّ اِلَى النَّبِىِّ ﷺ فَقَالَ اَىُّ النَّاسِ خَيْرٌ؟ فَقَالَ طُوبٰى لِمَنْ طَالَ عُمْرُهٗ وَحَسُنَ عَمَلُهٗ قَالَ يَا رَسُوْلَ اللّٰهِ اَىُّ الاَعْمَالِ اَفْضَلُ ؟ قَالَ اَنْ تُفَارِقَ الدُّنْيَا وَلِسَانُكَ رَطْبٌ مِنْ ذِكْرِ اللّٰهِ۔ (رواه احمد والترمذى)

હઝરત અબ્દુલ્લાહ બિન બુસ્ર રદિ.થી રિવાયત છે કે એક ગામડીયાએ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ની સેવામાં હાજર થઈ પુછયું કે યા રસૂલલ્લાહ ! માણસોમાં કોણ સારો છે ? (એટલુ કયા પ્રકારના લોકોનું પરિણામ સારૂ આવે છે) આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું તે લોકો જેમની વય વધુ હોય અને અમલ સારા હોય, પછી તેમણે પુછયું કે યા રસૂલલ્લાહ ! અમલોમાં કયો અમલ અફઝલ છે ? આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું : એ કે તમે દુનિયાને છોડી દો, તે વખતે તમારી જીભ અલ્લાહ તઆલાના ઝિક્રથી તાજી હોય.

ખુલાસો :– પહેલા સવાલના જવાબમાં રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) એ જે કંઈ ફરમાવ્યું : તેનું કારણ સ્પષ્ટ છે કે સારા અમલો સાથે વય જેટલી લાંબી હશે બંદો એટલી જ પ્રગતી કરશે અને અલ્લાહ તઆલાની ખુશી અને રહમતનો એટલો જ વધારે હકદાર બનશે. બીજા સવાલના જવાબમાં આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ સૌથી સારો અમલ એ બતાવ્યો કે મૃત્યુ સુધી અને ખાસ કરી અંતીમ કાળમાં બંદો અલ્લાહ તઆલાના ઝિક્રથી જીભને તાજી રાખે એટલે તેની જીભ પર શોખ અને મજા સાથે અલ્લાહનું નામ હોય, બેશક એ અમલ અને એ હાલત ઘણી જ કિંમતી અને પ્યારી છે. અને જે બંદો તેની કિંમત જાણતો હોય, તે સર્વશ્વ આપીને પણ તે લેવા માટે ખુશીથી તૈયાર થશે અને સ્પષ્ટ વાત છે કે તે એવા જ બંદાને નસીબ થશે જે જીવનભર અલ્લાહ તઆલાની યાદ સાથે ખાસ

સંબંધ જોડી લે. અને અલ્લાહ તઆલાની યાદ તેની આત્માનો મજેદાર ખોરાક બની જાય.

(۱۰) عَنْ عَبْدِ اللّٰهِ بْنِ بُسْرٍ ؓ اَنَّ رَجُلاً قَالَ يَارَسُوْلَ اللّٰهِ اِنَّ اَبْوَابَ الْخَيْرِ كَثِيْرَةٌ وَلَا اَسْتَطِيْعُ الْقِيَامَ بِكُلِّهَا فَاخْبِرْنِى عَنْ شَىْءٍ اَتَشَبَّثُ بِهٖ وَلَا تُكْثِرْ عَلَىَّ فَاَنْسٰى قَالَ لَا يَزَالُ لِسَانُكَ رَطْباً مِنْ ذِكْرِ اللّٰهِ۔ (رواه الترمذى)

હઝરત અબ્દુલ્લાહ બિન બુસ્ર રદિ.થી રિવાતય છે કે એક માણસે હુઝુર (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ની સેવામાં અરજ કરી કે એય અલ્લાહના પયગમ્બર ! નેકીના દરવાજા (એટલે સવાબના કામો) ઘણા છે, અને એ મારી શકિતની બહાર છે કે તે બધાને હું કરી શકું, જેથી મને કોઈ એવું કામ બતાવી આપો, જે હું મજબુતીથી પકડી રાખું, અને તેના પર ચાલતો રહું, (અને તે જ મારા માટે બસ થઈ પડે) તે સાથે એ પણ અરજ છે કે જે કંઈ આપ બતાવો તે પણ વધારે ન હોય, કારણ કે ભય છે કે હું તેને યાદ ન રાખી શકું ? આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું (બસ એટલી પાબંદી કરો અને એટલી આદત બતાવી લો કે) તમારી જીભ અલ્લાહ તઆલાની યાદથી તાજી રહે. (તિર્મિઝી શરીફ)

ખુલાસો :—મતલબ એ છે કે તમારી સફળતા અને કામયાબી માટે એટલું જ બસ છે કે અલ્લાહ તઆલાની યાદમાં હમેશાં મગ્ન રહો.

(۱۱) عَنْ اَبِى سَعِيْدٍ ؓ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اَكْثِرُوْا ذِكْرَ اللّٰهِ حَتّٰى يَقُوْلُوْا مَجْنُوْنٌ۔ (رواه احمد وابويعلى)

હઝરત અબુ સઈદ ખુદરી રદિ.થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું કે અલ્લાહ તઆલાનો ઝિક્ર એટલો કરો અને એવી રીતે કરો કે લોકો તમને ગાંડો કહે.

ખુલાસો :— દુનિયાવાળાઓ જે અલ્લાહના સંબંધથી અભાગ્ય છે, જયારે કોઈ એવા અલ્લાહ વાળાને જુએ છે જેને મજકૂર દોલત મળી છે અને તેના કારણે દુનિયાથી બેફિકર અને અલ્લાહ તઆલાની યાદ અને તેની ખુશી મેળવવામાં મગ્ન છે. અને તેના જ નામની રટ લગાવી રહ્યો છે. તો તેઓ પોતાના ખ્યાલ મુજબ તેને ગાંડો કહે છે. હાલાં કે ખરેખર તેઓ ગાંડા છે.

اوست دیوانہ کہ دیوانہ نہ شد    اوست فرزانہ کہ فرزانہ نہ شد

***અલ્લાહની યાદથી બેપરવાઈનું પરીણામ નિષ્ફળતા અને અભાગ્ય પણુ તેમ દિલની સખ્તી***

(١٢) عَنْ اَبِیْ هُرَیْرَةَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ قَعَدَ مَقْعَداً لَمْ یَذْکُرِ اللّٰهَ فِیْهِ کَانَتْ عَلَیْهِ مِنَ اللّٰهِ تِرَةٌ وَمَنِ اضْطَجَعَ مَضْجَعاً لَایَذْکُرُ اللّٰهَ فِیْهِ کَانَتْ عَلَیْهِ مِنَ اللّٰهِ تِرَةٌ۔ (رواہ ابوداؤد)

હઝરત અબુ હુરૈરહ રદિ.થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું : જે માણસ કોઈ જગ્યાએ બેઠો, અને તે બેઠકમાં તેણે અલ્લાહને યાદ ન કર્યો, તો તે બેઠક તેના માટે ઘણી જ નિષ્ફળ અને નુકસાન કારક નિવડશે. અને એ જ પ્રમાણે કોઈ માણસ કોઈ જગ્યાએ સુઈ ગયો, અને તેમાં તેણે અલ્લાહને યાદ ન કર્યો, તો તેનું એ સુવું તેના માટે ઘણું જ બેકાર અને નુકસાન કારક નિવડશે.

(١٣) عَنْ اِبْنِ عُمَرَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ لَاتُکْثِرُوْالْکَلَامَ بِغَیْرِ ذِکْرِ اللّٰهِ فَاِنَّ کَثْرَةَ الْکَلَامِ بِغَیْرِ ذِکْرِ اللّٰهِ قَسْوَةٌ لِلْقَلْبِ وَاِنَّ اَبْعَدَ النَّاسِ مِنَ اللّٰهِ الْقَلْبُ الْقَاسِیْ۔ (رواہ الترمذی)

હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર રદિ.થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું કે અલ્લાહ તઆલાના ઝિક્ર વગર વધુ બોલો નહીં કેમકે તેનાથી દિલની સખ્તી જન્મે છે. અને લોકોમાં તે માણસ અલ્લાહથી વધુ દૂર છે. જેના દિલમાં સખ્તી હોય. (તિર્મિઝી શરીફ)

ખુલાસો :– હદીસનો મતલબ એ છે કે જે માણસને અલ્લાહના ઝિક્ર વગર વધુ બોલવાની આદત હશે, તેના દિલમાં સખ્તી અને અંધકાર પેદા થશે. અને તે અલ્લાહની રહમત અને તેની નજદીકીથી મેહરૂમ રહેશે. (અલ્લાહ આપણને બચાવે.) આમીન...

---

# ઇખ્તેલાફમાં મર્યાદા જાળવવી જરૂરી છે.

હઝરત અકદસ શૈખુલ હદીસ મવલાના ઝકરિયા રહ.ની કિતાબ :

'ઈસ્લામી સિયાસત'નો ક્રમશ અનુવાદ. *મુફતી ફરીદ અહમદ કાવી.*

એક વાત બીજી ઘણી જરૂરી અને મહત્વની છે. ધ્યાનથી સાંભળજો.

કોઈની સાથે વિચાર કે મતનો વિરોધાભાસ (ઈખ્તેલાફ) જાઈઝ દાયરામાં હોય કે નાજાઈઝ, એમાં હદથી અને મર્યાદાથી આગળ વધવું જોઈએ નહીં. વિરોધીઓ સાથે મર્યાદાઓથી આગળ વધીને વર્તાવ કરવો ઈસ્લામી તાલીમના વિરુદ્ધ છે. કુરઆનમાં છે :

وَلَا يَجۡرِمَنَّكُمۡ شَنَاٰنُ قَوۡمٍ عَلٰٓى اَنۡ صَدُّوۡكُمۡ عَنِ الۡمَسۡجِدِ الۡحَرَامِ اَنۡ تَعۡتَدُوۡا

તરજમહ : એવું ન થાય કે મસ્જિદે હરામમાં આવવાથી તમને રોકવાના કારણે જે કોમથી તમારી દુશ્મની છે, એના કારણે તમે દુશ્મનીમાં હદથી આગળ વધી જાઓ.

કાફિરોએ મુસલમાનોને કાબા શરીફમાં મુસલમાનોને ઉમરહ કરવાથી રોકયા હતા, ઉપરાંત એમની સાથે પહેલેથી કેવી દુશ્મની ચાલતી આવતી હતા, આ બધા છતાં મુસલમાનોને એમની સાથેની દુશ્મની – વિરોધમાં પણ મર્યાદાથી આગળ વધવાની મનાઈ કરવામાં આવી.

કહેવાનો આશય આ નથી કે વિચારોમાં વિરોધાભાસ અને ઈખ્તેલાફ ન હોય, મસાઈલમાં ઈખ્તેલાફ ન હોય, પરસ્પર લડાઈ ન થાય, આવું તો હમેંશાથી થતું આવ્યું છે. અને થતું રહેશે. વિરોધ અને મુખાલફત ઘણીવાર આવશ્યક હોય છે તો ઘણીવાર અનાવશ્યક. પણ કોઈ વસ્તુ આપણા પાસે એવી નથી કે એના વિશે આપણા પાછલા બુઝુર્ગોની વાત, એમની કરણી અને રીત રસમ આપણા માટે માર્ગદર્શન હોય.

પરસ્પર ઈખ્તેલાફ અને વિરોધના કિસ્સા જોવા હોય તો સહાબા રદિ.ના ઈખ્તેલાફને જુઓ. તેઓએ આપસમાં લડાઈ કરીને પણ મર્યાદાની શિખામણ આપી ગયા છે. હું ઉદાહરણ તરીકે અમુક કિસ્સાઓ

તમારા સમક્ષ મુકવા માંગું છું. અલબત્ત એ પહેલાં એક સૈદ્ધાંતિક વાત બાબતે ટકોર કરવા માંગું છું.

સહાબા રદિ.થી અમુક ગુનાહો પણ થયા છે. અને સલતનતની અમુક બાબતોએ ઈખ્તેલાફ અને લડાઈઓ પણ થઈ છે. આવી અમુક બાબતો એમની શાન અને ઉચ્ચ દરજા પ્રમાણે ન હોય, છતાં એમાં આપણા માટે બોધ અને માર્ગદર્શન છે. જે ઘટનાઓ પણ થઈ એમાં ઉમ્મત માટે અમલની રાહ અને નમુનો છે.

મુળ વાત આ છે કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ તાલીમ માટે મોકવલામાં આવ્યા હતા. નબીનું આ જ વિશેષ કામ હોય છે કે ઉમ્મત માટે જે હુકમો નાઝિલ કરવામાં આવે એને અમલી રીતે લાગુ કરીને બતાવે. જેથી પાછળથી કોઈને એમ કહેવાની ગુંજાઈશ ન રહે કે આ હુકમ ઉપર કેવી રીતે અમલ કરવો ? આ બાબતને સામે રાખીને વિચારીએ તો બે પ્રકારના નિયમો અને હુકમો સામે આવે છે.

૧. એવા કામો જે નબીની શાન અને દરજાથી વિપરીત ન હોય. આવો કામો નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ દ્વારા જ થયા. જેમ કે સવારની નમાઝ માટે આંખ ન ખુલવી. એકવાર તો આમ થયું જ છે, અને જાણકારોના મતે એકથી વધારે બે કે ત્રણ વાર આમ થયું છે. બીજી તરફ આપણે જોઈએ છીએ કે સામાન્ય બુઝુર્ગો અને મુરીદો પણ એવા હોય છે કે સવારની નમાઝ માટે એમની આંખ એમ જ ખુલી જાય છે. સવારની નમાઝ તો માટી વાત, તહજ્જુદ પણ એમની કઝા નથી થતી. આવી જ રીતે નમાઝમાં ભૂલ થવાની ઘટના પણ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને અનેકવાર પેશ આવી. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પોતે ફરમાવી છે : હું પોતે નથી ભૂલતો, પણ મને ભૂલાવવામાં આવે છે, જેથી હું સુન્નત અને તરીકો જારી કરી શકું.

૨. બીજા અમુક કામો એવા હોય છે કે જે નબીની શાન અને દરજાથી વિપરીત હોય છે. જેમ કે ઝીના, ચોરી વગેરે કામો. આ પ્રકારના કામો અને એની સજાના હુકમોને પણ જારી કરીને બતાવવાના હતા. જે નબીએ

કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ઝમાનામાં પુરા થયા.

આવી જ રીતે સલતનત અને હુકૂમત કરવા, બનાવવા માટે કાયદા અને નિયમોની જરૂરત હોય છે. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ઝમાનામાં અગર આવો ઈખ્તેલાફ થાત તો જે તરફ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ હોત એ પક્ષના હક હોવાનો ફેસલો નક્કી હતો, એટલે એ ઝમાનામાં તો આ બાબતે વિરોધ અને ઈખ્તેલાફ થવાની કોઈ શકયતા ન હતી. આવી વસ્તુઓ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ઝમાના પછી પેશ આવી અને પછી એના પરિણામ સ્વરૂપ આવો વિરોધ કે ઈખ્તેલાફ થાય તો શું કરવું એના નિયમો, કાયદાઓ અને મર્યાદાઓ નક્કી કરવામાં આવી.

જે બાબતો નબીની શાન વિરુદ્ધ હતી એના માટે સહાબા રદિ.એ પોતાને સામે કર્યા અને એ ભૂલો એમના દ્વારા થઈ, અમુક ભૂલો એમના થકી નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ઝમાનામાં થઈ, અને અમુક બાબતો એવી હતી કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ઝમાનામાં એવી ઘટનાઓનું ઘટવું અશકય હતું તો એ ઘટનાઓ પાછળથી ઘટી, જેમ કે સત્તા અને સલતનતના ઝઘડાઓ. આ સ્થિતિમાં કહી શકાય કે આ બધા વિરોધ અને ઈખ્તેલાફ બાબતે પણ આપણે સહાબા રદિ.ના શુક્રગુઝાર હોવું જરૂરી છે કે આ લોકો આવી બાબતોમાં શું કરવું એનો રસ્તો ખોલીને માર્ગદર્શન કરીને ગયા. હુકૂમત કરવા અને અને હકૂમતની જાઈઝ મુખાલફત કરવાની રીત પણ બતાવીને ગયા.

---

# સુલતાન શમ્સુદ્દીન અલતમશ

હિંદુસ્તાનના આ મશહૂર બુઝુર્ગ બાદશાહ બુઝુર્ગોની અવલાદમાંથી હતા. આપના વાલિદ આપની સાથે ઘણી મુહબ્બત કરતા હતા. જેનાથી હસદ કરીને ભાઈઓએ જંગલમાં લઈ જઈને બચપનમાં જ કોઈ સોદાગરના હાથે વેચી દીધા. એક – બીજા માલિકોના હાથે વેચાયને બગદાદ પહોંચ્યા. બગદાદ તે વેળા સુહરવર્દી અને ચિશ્તીયા બુઝુર્ગોનું મરકઝ હતું. આ છોકરો અહિંયા ફુરસદ મુજબ ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી રહ., શેખ શિહાબુદ્દીન રહ. વગેરેની ખિદમતમાં હાજરી આપતો હતો. બાર વરસની ઉમર હતી. એકવાર આ બુઝુર્ગોની મજલિસ પાસેથી એ પસાર થયો તો એને જોઈને શેખ અજમેરી રહ.એ ફરમાવ્યું કે આ બાળક બાદશાહ બનશે. ત્યાર પછી બગદાદી આકા જમાલુદ્દીને કુત્બુદ્દીન ઐબકના હાથે આપને વેચી દીધા.

કુત્બુદ્દીન પોતે પણ પહેલાં ગુલામ હતો અને ૧૧૯૩માં ગોરીએ કનોજની ચડાઈ વેળા એની વફાદારીથી પ્રભાવિત થઈને ફરમાને ફરઝંદીથી એને નવાઝયો હતો. શિહાબુદ્દીન ગોરી પછી ૧૨૦૬ ઈ.માં કુત્બુદ્દીન ઐબક ગાદી કબ્જે કરીને રાજા બની ગયો. એને સૌપ્રથમ દિલ્હીમાં મુસ્લિમ સલતનતની બુનિયાદ નાખી. અલબત્ત સરકારનું પાટનગર તે વેળા લાહોર જ હતું.

એક લડાઈમાં શમ્સુદ્દીનની બહાદુરીથી પ્રભાવિત થઈને શિહાબુદ્દીન ગોરીએ કુત્બુદ્દીનને સિફારિશ કરી કે શમ્સુદ્દીનને આઝાદ કરી દે અને એનો ખ્યાલ રાખે.

પાછળથી કુત્બુદ્દીન ઐબકે એમને પોતાના જમાઈ બનાવી લીધા હતા. કુત્બુદ્દીન ઐબકની વફાત વેળા તે બદાયુંના સુબેદાર હતા. ઐબકની વફાત પછી એનો પુત્ર આરામશાહ ગાદીઓ બેસ્યો. પણ દિલ્હીના તુર્ક સરદારોના વિરોધના કારણે શમ્સુદ્દીન અલતમશને બદાયુંથી બોલાવીને

ગાદીએ બેસાડવામાં આવ્યા.

સુલતાન શમ્સુદીન અલતમશનો સત્તાકાળ ૬૦૭ હિ. (૧૨૧૦ ઈસ્વી) થી શાબાન ૬૩૪ હિ. (૧૨૩૫ ઈસ્વી) સુધીનો છે. દિલ્હીની ગાદીએ બેસનાર આ પ્રથમ સ્વતંત્ર બાદશાહ હતા. ભારત ઉપર રાજ કરનાર મુસ્લિમ શાસકોમાં સહુપ્રથમ સુલતાન અલતમશે જ બગદાદની ઈસ્લામી ખિલાફત સાથે સંબંધ જોડયો હતો. એટલે કે પોતાને ખિલાફતને આધીન ગણતા હતા.

શમ્સુદીન અલતમશ ઘણા જ નેકદિલ અને ન્યાયપ્રિય બાદશાહ હતા. નવી સ્થાપવામાં આવેલ દિલ્હીની સલતનતનો વિસ્તાર આપ રહ.ની ફતૂહાતના કારણે ઘણો વધી ગયો.

ગરીબો અને કમઝોરોનો ઘણો જ ખ્યાલ રાખતા હતા. રાત્રે થોડીવાર સુઈને પછી ઉઠી જતા અને લાંબી ઈબાદત કરતા હતા. રાત્રે જયારે ઉઠતા તો કોઈ ખાદિમને જગાડતા ન હતા. પોતાના વુઝૂ – ગુસલનું પાણી પોતે જ ભરી લેતા હતા. રાત્રે ઘણીવાર પ્રજાની ખબર કાઢવા સાદા લિબાસમાં નીકળતા હતા. ઉલમા અને બુઝુર્ગોથી ઘણી મહોબ્બત રાખતા હતા. કદી એવું કરતા કે માટીના વાસણમાં નીચે સોનું મુકીને ઉપર ઘઉ નાંખીને ગરીબો – મુસાફરોને આપતા હતા. જેથી સખાવતની કોઈને ખબર ન પડે અને ગરીબની જરૂરત પૂરી થઈ જાય.

હઝરત ખ્વાજા કુત્બુદીન બખ્તીયાર કાકી રહ.થી ઘણી જ અકીદત ધરાવતા હતા. ખઝીનતુલ અસ્ફિયામાં લખવા મુજબ તો આપના મુરીદ અને ખલીફા હતા. ખ્વાજા કુત્બુદીન બખ્તીયાર રહ.ને પણ સુલતાન પ્રત્યે ઘણી જ મહોબ્બત હતી.

હઝરત કુત્બુદીન રહ.ના મલ્ફૂઝાતમાં અને ખ્વાજા મુઈનુદીન રહ.ના મલ્ફૂઝાતમાં અનેક સ્થળે સુલતાનની નેકી, બુઝુર્ગી અને મશાઈખ સાથે એની અકીદતનું વર્ણન છે. આ બુઝુર્ગોએ અનેકવાર સુલતાન માટે નેકદિલ, પરહેઝગાર, ન્યાયપ્રિય વગેરે ગુણોનો ઉલ્લેખ ફરમાવ્યો છે.

સુલતાનને પણ બુઝુર્ગો અને ઉલમાએ કિરામ સાથે ભારે અકીદત

હતી. હઝરત ખ્વાજા મુઈનુદ્દીન અજમેરી રહ. અને ખ્વાજા કુત્બુદ્દીન રહ. ઉપરાંત કાઝી હમીદુદ્દીન નાગોરી રહ, શેખ જલાલુદ્દીન તબરેઝી રહ. વગેરે અનેક ઉલમાના કિસ્સા કિતાબોમાં છે કે તેઓ જયારે દિલ્હી આવ્યા તો સુલતાન મહેલમાંથી નીકળીને એમના સ્વગાત માટે શહેર બહાર આવતો હતો. અને કોઈ આલિમ કે બુઝુર્ગ દરબારમાં આવતા તો ઉભો થઈને એમની તઅઝીમ કરીને એમને પોતાની સાથે બેસાડતો હતો.

દીલ્હી પ્રથમવાર સલતનતનું પાટનગર બન્યું હતું. આવા સ્થળે સરકારના બધા જ અધિકારીઓ, વઝીરો, સેનાપતિઓ અને હોદ્દેદારોનો મુકામ હોય છે. માટે આવા કેન્દ્રીય સ્થાનોએ જે માહોલ હોય એની અસર આવા બધા હોદ્દેદારો થકી હુકૂમતના કામકાજ અને નીતિઓ ઉપર પડતી હોય છે. આવી સ્થિતિમાં બાદશાહ દ્વારા અત્રે બુઝુર્ગો અને દરવેશોને સ્થાન આપવું, એમની સેવામાં અકીદત સાથે હાજર થવું, ઘણું મહત્વ ધરાવે છે. બઝમે મમ્લૂકિયહમાં આ બાબત વિસ્તારથી લખવામાં આવ્યું છે

તારીખે મશાઈખે ચિશ્તમાં પ્રો. ખલીક અહમદ નિઝામી લખે છે :

આ સમયે દિલ્હીની રચના અને પ્રગતિ જોર પર હતી. મધ્ય એશિયામાં મંગોલોના આક્રમણના કારણે હઝારોની સંખ્યામાં ઉલમા, મશાઈખ અને વિદ્વાનો દિલ્હીનું રુખ કરી રહયા હતા. પરિણામે દિલ્હી એક આંતરરાષ્ટ્રીય શહેર બની ગયું હતું ..... આવી સ્થિતિમાં હઝ. કુત્બુદ્દીન રહ.નું દિલ્હીમાં રોકાવું ચિશ્તીયા સિલસિલા માટે લાભદાયી પુરવાર થયું. દિલ્હી હવે મુસ્લિમ હિંદુસ્તાનનું દિલ હતું. આવતી સદીઓમાં મુસલમાનોની ધાર્મિક અને સાંસ્કૃતિક જિંદગીને પ્રભાવિત કરનાર દરેક બાબતનું મરકઝ દિલ્હી જ હતું અને એમાંથી જ સિલસિલાને આગળ વધવા માટેનું બળ મળવાનું હતું. હઝ. કુત્બુદ્દીન રહ.એ શાહી દરબારથી દૂર રહીને દારુસ્સલતનતની ખરાબ અસરોથી પોતાને બચાવી રાખ્યા અને સાથે જ અત્રેના સંજોગોથી ભરપૂર લાભ ઉઠાવ્યો અને દરેક પ્રકારના લોકોના કાનો સુધી તસવ્વુફની વાતો પહોંચાડી દીધી. (તારીખે મશાઈખે ચિશ્ત, ખલીક અહમદ : ૧૭૩–૧૭૫) ● ●

# મહમુદુલ ખસાઈલ

જનાબ અહમદહુસેન ગાજી સા.

હદીસ નંબર (૮) : હઝરત જાબિર બિન સમુરહ (રદિ.) ફરમાવે છે કે રસૂલુલ્લાહ (ﷺ) નું મુબારક મુખારવિંદ–મોઢું (સંતુલિતતા સાથે) પહોળું હતું. આપની આંખોની સફેદીમાં દોરા પડેલા હતા અને એડીઓ પર ઓછો ગોશ્ત હતો. શુઅબહ કહે છે કે મેં સિમાકથી પૂછયું : ضـليـع الـفـم નો અર્થ શું છે ? તેમણે ફરમાવ્યું મુખારવિંદ – મોઢું (સંતુલિતતા સાથે) પહોળું. મેં પૂછયું : اشكل الـعـيـنين નો અર્થ શું છે ? તેમણે ફરમાવ્યું : તે વ્યકિત જેની આંખોના દોરા લાંબા હોય. (પહોળી આંખો). મેં પૂછયું منهـوس الـعـقـب નો અર્થ શું છે ? ફરમાવ્યું એડીઓ પર ઓછા ગોશ્તવાળો વ્યકિત.

***હુઝૂર (ﷺ) નું મુબારક મુખારવિંદ–મોઢું (સંતુલિતતા સાથે) પહોળું***

ضـليـع الـفـم તેનાથી હકીકતમાં મોઢાની પહોળાઈ મુરાદ છે અથવા તેનાથી બોલવાની છટા મુરાદ છે. આપ (ﷺ) નો ઈરશાદ છે : હું અરબમાં સૌથી વધારે સારું બોલનાર છું.

طـويل شق العين પહોળી આંખો, પરંતુ લગભગ તમામ હદીસની સમજુતી આપનાર અને ભાષાશાસ્ત્રીઓ આ અર્થનો ઈન્કાર કરે છે, તેનો ખરો મતલબ આ છે કે આપ (સલ.) ની આંખોની સફેદીમાં લાલ દોરા હતા.

***હુઝૂર (ﷺ) ની એડીઓ***

قـليل الحم العقب કેટલાક લોકોની એડીઓમાં વધારે ગોશ્ત હોય છે, પરંતુ આપ (ﷺ) ની એડીઓમાં ગોશ્ત ઓછું હતું.

હદીસ નંબર (૯) : હઝરત જાબિર બિન સમુરહ (રદિ.) ફરમાવે છે કે મેં એક વખતે આપ (ﷺ) ને ચાંદની રાતમાં જોયા, તે વખતે આપના શરીર પર લાલ રંગનો પોશાક હતો. હું (કયારેક) ચાંદને જોતો અને (કયારેક) આપને, છેવટે મેં ફેસલો કર્યો કે આપ મારી નજરમાં ચાંદથી પણ વધારે ખુબસુરત છે.

ફાયદો : حـلة حـمـراء તેનાથી મુરાદ માત્ર લાલ નહીં પરંતુ લાલ અને કાળા દોરા વાળી યમની ચાદર મુરાદ છે. જેમકે પહેલા આવી ગયું.

હદીસ નંબર (૧૦) : અબૂ ઈસ્હાક કહે છે કે, કોઈએ હઝરત બરાઅ (રદિ.) થી પૂછયું : શું હુઝૂરે અકદસ (ﷺ) નો ચહેરો મુબારક તલવારની જેમ (સાફ અને લાંબો) હતો ? તેમણે કહયું : ના ! બલકે ચાંદની જેમ (રોશન અને

ચમકદાર) હતો.

## હુઝૂર (સલ.)નો ચાંદ જેવો નુરાની ચહેરો

સહાબી (રદિ.)એ તલવાર સાથેની સરખામણીનો અસ્વીકાર કર્યો, ફરમાવ્યું કે તલવાર લાંબી હોય છે અને ચાંદ ગોળ હોય છે. પહેલા આવી ગયું કે આપ (ﷺ) નો ચહેરો મુબારક ગોળાઈમાં હતો અથવા કદાચ એટલા માટે એ સરખામણીને રદ કરી કે તલવાર અને ચાંદ બંનેમાં ચમક હોય છે, પરંતુ તલવારની ચમકમાં આકર્ષણ હોતું નથી જયારે ચાંદની ચમકમાં કશિશ અને નુરાનીયત છે અને આપ (સલ.) ના મુબારક ચહેરાનો પણ આ જ હાલ હતો, એટલે તલવાર સાથેની સામ્યતા રદ કરીને ચાંદ સાથે સરખાવ્યો છે.

હદીસ નંબર (૧૧) : હઝરત અબૂ હુરયરહ (રદિ.) ફરમાવે છે કે આપ (ﷺ) એટલા સાફ અને સફેદ હતા કે એવું લાગતું હતું કે જાણે આપનું શરીર ચાંદીથી બનાવવામાં આવ્યું હોય, આપ થોડા વાંકડિયા વાળવાળા હતા.

**ફાયદો** : હઝરત નબીએ કરીમ (ﷺ) ના મુબારક શરીરની ચમક અને નુરાનીયત બતાવવા માટે સહાબી (રદિ.) એ ફરમાવ્યું કે એવું લાગતું હતું જાણે કે ચાંદીથી બનાવવામાં આવ્યું હોય.

હદીસ નંબર (૧૨): હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ (રદિ.) ફરમાવે છે કે આપ (ﷺ) એ ઈર્શાદ ફરમાવ્યો : મારી સામે અંબિયાને લાવવામાં આવ્યા, મુસા દૂબળા–પાતળા શરીરના હતા, એવું લાગતું હતું કે તેઓ (યમનના) શનુઅહ કબીલાના લોકોમાંથી છે અને ઈસા બિન મરયમને જોયા તો મારા જોયેલા લોકોમાંથી તેમની શકલની જેમ ઉરવા બિન મસ્ઉદ છે અને મેં ઈબ્રાહીમ (અલૈ.)ને જોયા તો મારા જોયેલા લોકોમાં તેમની સાથેની સામ્યતા ધરાવતા નજીકમાં તમારા સાથી એટલે જાતે આપ (સલ.) ની ઝાત છે અને મેં જિબ્રઈલ (અલૈ.) ને જોયા તો મારા જોયેલા લોકોમાં તેમની સાથે સામ્યતા ધરાવતા દિહ્યા કલ્બી છે.

ફાયદો : عرض عليى الانبياء આ જોવું મેઅરાજના મોકા પર થયું છે અથવા સપનામાં થયું છે. બુખારી શરીફમાં બંને પ્રકારની રિવાયતો છે. આ મતભેદમાં કોઈ શંકા નથી, કારણ કે શક્ય છે કે બંને વખતે જોયા હોય.

ضـرب من الرجال એટલે દૂબળા શરીરના હતા. " શનુઅહ" યમનમાં એક કબીલો છે, તે કબીલાના લોકો સામાન્ય રીતે દૂબળા શરીરના હતા.

عـروه بن مسعود કબીલા બની સકીફના સરદારોમાંથી હતા, ઈમાન લાવ્યા

પછી તેમને પોતાની કોમને દાવત આપી તો તેમની કોમે તેમને પથ્થર મારીને મારી નાંખ્યા.

صــــاحبــكـم એટલે હઝરત ઈબ્રાહીમ (અલૈ.) નો ચહેરો હઝરત નબીએ કરીમ (ﷺ) થી મળતો આવતો હતો.

شبهـــــــــا دِحْيَةُ રિવાયતોમાં આવે છે કે હઝરત જિબ્રઈલ (અલૈ.) જયારે માનવીની શકલમાં આવતા તો હઝરત દિહ્યા ઈબ્ને ખલીફા કલ્બી (રદિ.) ની શકલમાં આવતા. તેઓ ઘણા ખૂબસુરત હતા. જયારે કયારેક તેઓ બહાર નીકળતા હતા તો તેમની ખૂબસુરતીને લીધે ઓરતો તેમને જોવા માટે નીકળી આવતી હતી.

હદીસ નંબર (૧૩) : હઝરત સઈદ જુરૈરી (રહ.) કહે છે કે મેં અબૂ તુફેલ (રદિ.) ને એવું કહેતા સાંભળ્યા : મેં રસૂલુલ્લાહ (ﷺ)ને જોયા અને આપની ઝિયારત કરનારાઓમાં ધરતી પર મારા સિવાય કોઈ બાકી નથી રહયું. મેં કહયું મારી સામે હુઝૂર (ﷺ) નો હુલ્યો બયાન કરો, તેમણે ફરમાવ્યું આપ (ﷺ) ગોળા, લાલાશ પડતા સમતોલ કદના હતા.

ફાયદો : હઝરત અબૂ તુફેલનું નામ આમીર ઈબ્ને વાસિલા છે. હઝરાતે સહાબાએ કિરામ (રદિ.) માં સૌથી છેલ્લે તેમની વફાત થઈ. હિ. સ. ૧૧૦ માં તેમનું અવસાન થયું.

ધરતી પર એટલે ફરમાવ્યું કે આસ્માન પર હુઝૂર (ﷺ)ને જોનારાઓમાં હઝરત ઈસા (અલૈ.) જીવતા છે.

હદીસ નંબર (૧૪) : હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.) ફરમાવે છે કે હુઝૂર (ﷺ) ના આગલા દાંતમાં કંઈક જગ્યા હતી, જયારે આપ વાતચીત કરતા તો એક નૂર જેવું દેખાતું હતું જે આપના દાંતોમાંથી નીકળતું હતું.

## આગળના દાંતો વચ્ચે યોગ્ય જગ્યા

افْلَجَ الثنيّتين આગળના ચાર દાંતોને અરબીમાં ષનાયા કહે છે, તેમની વચ્ચે થોડી જગ્યા હતી. પહેલા વર્ણન થઈ ગયું કે આ ખુબસુરતીની નિશાની છે.

كــالـنور કેટલાક આલિમોનું બયાન છે કે નૂરથી આપના ઈરશાદાત મુરાદ છે, જે આપના મોઢાથી અને આગળના દાંતોની વચ્ચેથી નીકળતા હતા. અલ્લામા મનાવી (રહ.) ફરમાવે છે કે ઈરશાદાત કે કલામ મુરાદ નથી બલકે મોઅજિઝહ તરીકે એક સંવેદનાત્મક ચીજ નજર આવતી હતી. એટલે વાતચીત વખતે આપના દાંત મુબારકથી ખરેખર નૂર નીકળતું નજર આવતું હતું. ● ●

હઝ. હસન રદિ. અને હઝ. હુસૈન રદિ.

# આદર્શ જીવનના બે ઉચ્ચ નમૂના

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને અલ્લાહ તઆલા તરફથી વિશેષ રૂપે પસંદ – નક્કી કરીને નબી બનાવવામાં આવ્યા હતા. નબી બનાવવા પૂર્વે અલ્લાહ તઆલાએ પોતાની કુદરતથી એવા સંજોગો બનાવ્યા હતા કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની યોગ્ય કેળપણી થાય. સારા અખ્લાક આપ્યા હતા અને સંજોગો અનુસાર લોકો સામે આપના અખ્લાક જાહેર કર્યા હતા. પરેશાનીઓ, દુખો વગેરે દ્વારા આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને અજમાવીને અડગતાની ખૂબી આપી હતી. ખુલાસો આ કે પૂરી રીતે નુબુવ્વતની જવાબદારી અદા કરવાને કાબિલ બનાવીને પછી આ જવાબદારી અલ્લાહ તઆલાએ આપી હતી. કારણ કે અલ્લાહ તઆલાનો મકસદ લોકો સામે એક આદર્શ જીવન રજૂ કરવાનો હતો. જેના થકી લોકોને નવી જિંદગીની રાહ દર્શાવી શકાય.

આવી જ હકીકત નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના સહાબા રદિ.ની છે. અલ્લાહ તઆલાએ પોતાની પસંદથી એમને નક્કી કરીને ઈસ્લામની તોફીક આપી અને ઈસ્લામનો સંદેશ આગળ સુધી લઈ જવાને જવાબદાર – અમાનતદાર બનાવ્યા. આ બધું અચાનત કે અમસ્તું જ નથી થયું. અલ્લાહ તઆલાના ફેસલા અને હિકમત મુજબ થયું છે, બલકે અલ્લાહ તઆલાએ આ બધું અંજામ આપ્યું છે. એટલે જ સહાબા રદિ. વિશે પણ હઝ. અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઉદ રદિ. ફરમાવે છે : અલ્લાહ તઆલાએ આ લોકો (સહાબા રદિ.)ને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના સંગાથ માટે વિશેષ રૂપે નક્કી કર્યા છે.

આવી જ રીતે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ઘરના સભ્યો એટલે ઉમ્મહાતુલ મુઅમિનીન (પવિત્ર પત્નિઓ), દીકરીઓને પણ અલ્લાહ તઆલાએ એની વિશેષ કુદરત અને વ્યવસ્થા મુજબ નબીએ કરીમ સલ્લલાહુ અલયહિ વ સલ્લમના ઘરમાં સ્થાન આપ્યું, જેથી તેઓ ઘરેલુ જીવન વિશે ઈસ્લામી આદર્શોને લોકો સુધી પહોંચાડે.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના દીકરીઓમાં એક દીકરી

હઝ. ફાતિમા રદિ. પણ હતાં. તેઓ સૌથી નાની દીકરી હતાં. આપને એમના પ્રત્યે સૌથી વધારે લાડ – પ્યાર હતો. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એમને જન્નતી ઓરતોના સરદાર કહયાં છે. હઝ. આઈશા રદિ. એમના વિશે ફરમાવે છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને સૌથી વધારે મહોબ્બત હઝ. ફાતિમા રદિ. સાથે હતી. તેઓ પોતે પણ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને ઘણો પ્યાર કરતાં હતાં. બલકે તેઓ ચાલવા, ફરવા, ઉઠવા, બેસવા, વગેરેમાં પણ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ જેવી જ અદા અને આદતો ધરાવતો હતાં.

હઝ. ફાતિમા રદિ.ના શોહર હઝ. અલી રદિ. હતા. જેઓ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના પિત્રાઈ ભાઈ હતા. અને સૌથી પહેલા મુસલમાન થનાર વ્યકિત હતા. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની નજરમાં એમનું સ્થાન ઘણું ઊંચું હતું. એકવાર નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું હતું : હું જેનો દોસ્ત છું, અલી પણ એના દોસ્ત છે. એટલે કે જે કોઈ મારા પ્રત્યે દોસ્તી અને વિશ્વાસ ધરાવતો હોય એણે અલી રદિ. પ્રત્યે પણ દોસ્તી અને વિશ્વાસ રાખવો જરૂરી છે.

અહલે સુન્નત વલ જમાઅતના મોતબર ઉલમા આ બાબતે એકમત છે કે હઝ. ઉસ્માન રદિ. અને હઝ. અલી રદિ.ના ઝમાનામાં જે ફિત્નાઓ યહૂદીઓની સાજિશના કારણે ઉભા થયા હતા એ ફિત્નાઓમાં હઝ. અલી રદિ. હક ઉપર હતા. અને એમના વિરોધીઓ ખોટા – બગાવતી હતા. હઝ. અલી રદિ. અને હઝ. ફાતિમા રદિ.ના બે દીકરાઓ હતા. હઝ. હસન રદિ.. આ બન્ને નવાસાઓ થકી જ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની વંશનો સિલસિલો આગળ વધ્યો છે.

હઝરત હસન અને હુસૈન રદિ.ને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે જન્નતના યુવાનોના સરદાર હોવાની ખુશખબર આપી છે. અને અહલે સુન્નતની કિતાબોમાં પણ આ રિવાયત આવે છે કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ આ બન્ને નવાસાઓને પકડીને ફરમાવતા કે હે અલ્લાહ ! હું આ બન્નેથી મહોબ્બત કરું છું, તું પણ એમનાથી મહોબ્બત કર. (બુખારી શરીફ) એકવાર આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : જેને મુજથી મહોબ્બત હશે તે આ બન્નેથી મહોબ્બત કરશે. નવાઈની વાત આ છે કે આ

બન્ને નવાસાઓ નાક ચહેરે પણ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ જેવા જ હતા. એટલે જ સહાબા રદિ.ને આ બન્ને પ્રત્યે ઘણી મહોબ્બત હતી. હઝરત હુસૈન રદિ.ને જયારે શહીદ કરવામાં આવ્યા તો સહાબા રદિ.ને ઘણું જ દુખ થયું. હઝ. ઉમ્મે સલ્મા રદિ.ને જયારે આ ગમનાક ઘટનાની જાણ થઈ તો ઈરાકના લોકો ઉપર લાનત કરી અને એમની બરબાદીની દુઆ કરી. ઈમામ ઈબ્રાહીમ નખઈ રહ. ફરમાવે છે કે ખુદા ન કરે, કદાચ હું હઝ. હુસૈન રદિ.ને કતલ કરનાર લોકોમાં હોત અને પછી મારી મગફિરત પણ કરી દેવામાં આવે, તો પણ આ કૃત્ય એટલું ખોટું છે કે જન્નતમાં પણ મને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સામે જવામાં શરમ મહસૂસ થાત.

આ એક નક્કર હકીકત છે કે જે માણસ પણ સાચો મુસલમાન હોય અને જેને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સાથે મહોબ્બત કંઈ પણ મહોબ્બત હોય, એ માણસ અહલે બયત એટલે કે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ઘરના લોકો સાથે મહોબ્બત કર્યા વગર રહી શકતો નથી. સહાબા રદિ.ને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સાથે ઘણી મહોબ્બત હતી એટલે અહલે બયત સાથે પણ તેઓને વિશેષ મહોબ્બત હતી.

બની ઉમય્યાનો હાકેમ મરવાન એકવાર હઝ. અબૂ હુરયરહ રદિ.ને કહેવા લાગ્યો કે જયારથી તમે અમારા સાથે છો, તમારી કોઈ વાતે મને અણગમો નથી. અલબત્ત હઝ. હસન અને હુસૈન રદિ. સાથે તમારી મહોબ્બત અમને ગમતી નથી. હઝ. અબુ હુરયરહ રદિ. ટટ્ટાર બેસી ગયા અને કહેવા લાગ્યા : હું કસમ ખાયને કહું છું કે એકવાર અમે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સાથે સફરમાં નીકળ્યા. એક જગ્યાએથી હઝ. હુસૈન રદિ.ના રડવાનો અવાઝ સંભળાયો. હઝ. ફાતિમા રદિ. પણ ત્યાં હતાં. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ઉતાવળે ચાલીને ત્યાં પહોંચ્યા. હઝ. ફાતિમા રદિ.ને પૂછયું કે મારા દીકરાઓને શું થયું છે ? હઝ. ફાતિમા રદિ.એ કહયું તે એમને તરસ લાગી છે. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે પોતાની મશકમાં જોયું તો એમાં પાણી ન હતું. સાથીઓને પાણી માટે કહયું તો બધા એમની મશક જોવા માંડયા, પણ સંજોગોવસાત કોઈની પાસે પાણી ન હતું. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે જોયું કે કોઈની પાસે પાણી નથી તો પોતાની જીભ વારા ફરતી બન્ને નવાસાઓના મોંઢામાં આપી. તેઓએ આપની જીભ ચુસીએ

પોતાની તરસ છીપાવી. પછી હઝ. અબૂ હુરયરહ રદિ.એ ફરમાવ્યું : હું આટલા માટે એ બન્ને સાથે મહોબ્બત કરું છું. આ કિસ્સાથી અંદાઝો કરી શકાય છે કે સહાબા રદિ.ને આ બન્ને નવાસાઓ સાથે કેવી મહોબ્બત હશે ? એક ઝાલિમ બાદશાહ સામે પણ એમના પ્રત્યે મહોબ્બત બતાવવામાં કોઈ ડર ન હતો.

અહિંયા પહોંચીને હું ધ્યાન દોરીશ કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની નજરમાં આ બન્ને નવાસાની મહોબ્બત અને ઉચ્ચ સ્થાન ફકત એટલા માટે હતું કે તેઓ નવાસા હતા ? જવાબ આ છે કે નવાસા તો હતા જ, અને મહોબ્બતનું એક કારણ નવાસા હોવાનું જ છે. પણ એનાથી વધીને મહત્વની વાત હઝ. હસન અને હુસૈન રદિ.ના અખ્લાક અને ઈસ્લામ માટે એમનો કિરદાર છે, જે કયામત સુધી અમર અને અફર રહેશે.

હઝ. અબૂ બક્ર રદિ. રિવાયત કરે છે કે એકવાર નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ મિમ્બર ઉપર બિરાજમાન હતા. આપની બાજુમાં હઝ. હસન રદિ. પણ બેસેલા હતા. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ એકવાર લોકો તરફ જોતા અને બીજીવાર હઝ. હસન રદિ. તરફ નજર કરતા. અને પછી ફરમાવતા કે મારો આ દીકરો સરદાર છે અને એના થકી અલ્લાહ તઆલા ઉમ્મતના બે સમુહો વચ્ચે સુલહ કરાવશે.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની આ ભવિષ્યવાણી પાછળથી પૂરી થઈ. હઝ. અલી રદિ.ની શહાદત પછી શામના લોકો હઝ. અમીર મુઆવિયહ રદિ.ના નેતૃત્વમાં આગળ આવ્યા અને મક્કા મદીના તેમજ ઈરાકના લોકો હઝ. હસન રદિ.ને ખલીફા માનીને આગળ વધ્યા. સામાન્ય પ્રમાણે સહાબા અને તાબેઈન રદિ. હઝ. હસન રદિ.ના સાથે હતા અને એમના પક્ષનું સમર્થન કરતા હતા. હઝ. અમ્ર બિન આસ રદિ. તો કહે છે કે પહાડોની જેમ મહામોટું લશ્કર હઝ. હસન રદિ. સાથે હતું. અને બધા એવા વફાદાર કે એક પણ પીઠ બતાવીને પાછું ન જાય. આશા હતી કે જો લડાઈ થાય તો હઝ. હસનનું લશ્કર જીતી જશે. એવામાં હઝ. અમીર મુઆવિયહ રદિ. તરફથી સુલેહની ઓફર કરવામાં આવી. હઝ. હસન રદિ.એ સાથીઓ સાથે સલાહ મશ્વેરો કર્યો, તો વધુ પડતા લોકો સુલહ કરવા માંગતા ન હતા. બલકે અમુક લોકોએ સુલેહ કરવા બાબતે તીખો વિરોધ કર્યો છતાં આપ રદિ.એ સુલેહની વાત સ્વીકારી લીધી અને હઝ. અમીર મુઆવિયહ રદિ.ના હાથે બયઅત થઈ

ગયા. જેથી મુસલમાનોના જ બે લશ્કર પરસ્પર યુદ્ધ કરીને બરબાદ ન થાય. આમ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની ભવિષ્યવાણી સાચી પુરવાર થઈ. હઝ. હસન રદિ. તરફથી આ ઘણી મોટી કુરબાની હતી. એના પ્રતાપે એક તરફ સમગ્ર મુસ્લિમ વિશ્વ એક ઝંડા તળે આવી ગયું તો બધા જ મુસલમાનોની નજરમાં હઝ. હસન રદિ.નું સ્થાન એટલું ઊંચું થઈ ગયું કે તેઓ રહેતી દુનિયા સુધી મુસલમાનોની નજરના તારા બની ગયા. મુસલમાનો હવે એક ઝંડા તળે એકસંપ હતા. હવે તેઓ વિશ્વભરમાં આગળ વધ્યા એ એશિયા, આફ્રિકા અને યુરોપ સુધી પહોંચી ગયા. એક રીતે આ બધી સફળતાઓમાં બનૂ ઉમય્યહની મુત્સદ્દી કરતાં હઝ. હસન રદિ.ની કુરબાનીનો ફાળો વધારે છે. હઝ. હસન રદિ.ના બીજા ભાઈ હઝ. હુસૈન રદિ. યઝીદ સામે લડવા ઉતર્યા હતા એનો મકસદ એ ન હતો કે આપ રદિ.ને સત્તા કે સરદારીની લાલચ હતી. આ લોકોને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ખાનદાન સાથે જે નિસ્બત અને સગાઈની સઆદત હતી એના ઉપર હઝારો હુકૂમતો કુરબાન હતી.

હઝ. હુસૈન રદિ. અને યઝીદ વચ્ચેના વિવાદમાં મુળ મુદ્દો બીજો હતો. અત્રે એના વિશે થોડી જાણકારી મેળવી લઈએ.

ઈસ્લામની શરૂઆત થઈ એ ઝમાનામાં બાદશાહત અને રાજાશાહી હતી. એ પણ ખાનદાની રાજાશાહી. નાની મોટી બધી જ સત્તાઓનો આધાર ખાનદાની બાદશાહત હતો. એવામાં ઈસ્લામનું આગમન થયું તો જેમ જીવનના બીજા પાસાંઓ બાબતે રચનાત્મક સુધારણા કરવામાં આવી એ જ પ્રમાણે સત્તા અને રાજકાજ માટે જૂની પ્રથા ખતમ કરીને 'ખિલાફત' પ્રણાલી મુસલમાનોને આપવામાં આવી.

ખિલાફતમાં બે બાબતો મહત્વની છે. એક આ કે આ હોદ્દા માટે એવો માણસ નક્કી કરવામાં આવે જે દરેક રીતે લાયકાત વાળો હોય. ઈસ્લામના બધા હુકમોનું જ્ઞાન હોય, તકવા અને આમાલમાં નેક પરહેઝગાર હોય. અખ્લાક અને વર્તાવમાં લોકોનો હમદર્દ હોય. અને મુસલમાનોના સમજદાર આગેવાન લોકો દ્વારા એને નક્કી કરવામાં આવે. આ જ નિયમના આધારે હઝ. અબૂ બક્ર રદિ.ને નક્કી કરવામાં આવ્યા હતા. પછી હઝ. અબૂ બક્ર રદિ.એ લોકોના મશ્વેરાથી હઝ. ઉમર રદિ.નું નામ નક્કી કર્યું. હઝ. ઉમર રદિ.એ એમના પછીના ખલીફા નક્કી કરવા છ માણસોની કમીટી બનાવી, કે લોકો સાથે વિચાર વિમર્શ કરીને છ

માંથી કોઈ એકને ખલીફા બનાવવામાં આવે. આ રીતે હઝ. ઉસ્માન રદિ. ખલીફા બનાવવામાં આવ્યા. હઝ. ઉસ્માન રદિ.ને બગાવતી લોકોએ બેરહમીથી શહીદ કરી દીધા તો જે મોટા સહાબા રદિ. હતા એમણે હઝ. અલી રદિ.ને ખલીફા બનાવીને એમના હાથ ઉપર બયઅત કરી.

જે લોકો અને સહાબા રદિ. હઝ. અલી રદિ.નો વિરોધ કરતા હતા અને બયઅત થવા ઈન્કાર કરતા હતા, એમના વિરોધનું કારણ બીજું હતું. તેમનો મુદ્દો એ હતો કે હઝ. અલી રદિ. પહેલાં હઝ. ઉસ્માન રદિ.ના હત્યાનો બદલો લે. આ લોકો પણ માનતા હતા કે ખિલાફતના હકદાર અને કાબેલ હસ્તી હઝ. અલી રદિ. જ છે. ખુલાસો આ કે હઝ. અલી રદિ.ને બધા જ લોકો સાચા અને બરહક ખલીફા સમજતા હતા. એમના પછી હઝ. હસન રદિ.એ પોતે પોતાને ખલીફા તરીકે રજૂ કર્યા ન હતા. એ સમયના બુઝુર્ગ સહાબા રદિ.એ એમના હાથ ઉપર બયઅત કરીને એમને આગળ કર્યા હતા. તેઓ લગભગ છ માસ ખલીફા રહયા પછી હઝ. અમીર મુઆવિયહ રદિ. સાથે સુલહ કરી લીધી. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની વફાતથી હઝ. હસન રદિ.ની વફાત સુધી ૩૦ વરસ થાય છે. અને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ છે કે મારા પછી ખિલાફત ૩૦ વરસ રહેશે. આમ હઝ. હસન રદિ.ના ખિલાફત છોડવા ઉપર નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની આ ભવિષ્યવાણી પણ પૂરી થઈ. હઝ. હસન રદિ.ના સુલહ કર્યા પછી હઝ. મુઆવિયહ રદિ. મુસલમાનોના સર્વસમંત ખલીફા બન્યા અને એમની વફાત પછી એમના દીકરા યઝીદનો સમય શરૂ થાય છે.

જે રીતે યઝીદને ખલીફા નિયુકત કરવામાં આવ્યા એનાથી એક નવી રીત શરૂ થવા જઈ રહી હતી. વાત એમ હતી કે અમુક લોકો જેમને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સોહબત પ્રાપ્ત ન હતી, ઈસ્લામના સ્વભાવ અને નિયમો બાબતે વધારે જાણકાર ન હતા, એમણે હઝ. મુઆવિયહ રદિ.ને વફાત પૂર્વે આ બાબતે રાજી કરી લીધા કે પોતાના પછી યઝીદને ખલીફા તરીકે નિયુકત કરી દે. અને આમ જ થયું. ઘણા લોકો અને સહાબા રદિ.ને આ વાત સ્વીકાર્ય ન હતી કે ઉમ્મતના જવાબદાર અને આગેવાન લોકો સાથે મસલત કર્યા વગર અને યોગ્યતા વગર કોઈને ખલીફા નક્કી કરી દેવામાં આવે. આ બાબત

હઝ. હુસૈન રદિ.ને સ્વીકાર્ય ન હતી. આવી જ રીતે હઝ. અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર રદિ., હઝ. અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ રદિ. અને જે બુઝુર્ગ સહાબા હયાત હતા એ બધા પણ હઝ. હુસૈન રદિ.ની જેમજ આ નવી રીતને પસંદ કરતા ન હતા. અલબત્ત અમુક સહાબા રદિ.એ ફિત્નાના ખોફથી ખામોશી અપનાવી અને ઉમ્મત વિવાદ કે પરસ્પર અદાતવના ફિત્નામાં ન પડે એ હેતુએ યઝીદની નિયુકતીને સ્વીકારી લીધી. બધા જ સહાબા અને આગેવાન મુસલમાન આમ ખામોશી અપનાવે અને કોઈ વિરોધ ન કરે તો આ નવી રીતને માન્યતા મળી જાય અને આમ થાય તો ઈસ્લામનો એક બુનિયાદી સિદ્ધાંત પણ ભુલાઈ જાય એમ હતું. પછી લોકો એમ સમજે કે ઈસ્લામમાં પણ પહેલાંના ઝમાનાની જેમ ખાનદાની બાદશાહત ચાલી શકે છે. એટલે હઝ. હસન રદિ.એ વિરોધ કરવાને જરૂરી સમજયું. આ વિરોધના અંતે એમણે અને ખાનદાનના અન્ય લોકોએ બેરહમ અને ઝાલિમ લોકોના હાથે શહીદ થવું પડયું. શહીદ થનાર લોકો કયામત સુધી નેક નામ કમાઈને અલ્લાહના દરબારમાં સવાબ મેળવવા પહોંચ્યા તો એમને શહીદ કરનાર બદબખ્ત લોકો કયામત સુધી બદનામ થઈને કરતૂતની સજા ભોગવવા અલ્લાહને ત્યાં પહોંચી ગયા છે.

ઝાહેરી રીતે તો હઝ. હુસૈન રદિ. સફળ ન થયા, તેઓ ખાનદાની રીતે ખલીફા બનેલા યઝીદને હટાવી શકયા નહીં, અલબત્ત એક બીજી રીતે જોઈએ તો હઝ. હુસૈન રદિ. સફળ થયા કહેવાય. એમના વિરોધના કારણે શરૂ થઈ રહેલ નવી પ્રણાલી – પ્રથાને ઈસ્લામમાં માન્ય સ્થાન મળ્યું નહીં, અને આ જ હઝ. હુસૈન રદિ.નો મકસદ હતો. આજે મુસલમાનોના ઉલમા અને ફુકહા આ બાબતે એકમત છે કે ઈસ્લામમાં સત્તા અને રાજકાજની માન્ય પ્રથા ખિલાફત છે. ખાનદાની બાદશાહત ઈસ્લામમાં માન્ય રીત નથી.

હઝ. હસન રદિ.ના જીવનથી આપણને શીખામણ મળે છે કે ઉમ્મતને વિવાદ, વિખવાદ અને ફિત્નાથી બચાવવા માટે પોતાની સત્તા જતી કરવી જોઈએ અને કુરબાની આપવા તૈયાર રહેવું જોઈએ. જયારે હઝ. હુસૈન રદિ.ની શહાદતથી શિખામણ મળે છે કે જયારે દીન અને ઈસ્લામમાં હેરફેર થાય એવું લાગે, કોઈ ઈસ્લામના સિદ્ધાંતોને બદલતું દેખાય તો એનો વિરોધ કરવો જોઈએ. ચાહે એમાં પોતાની ગરદન કપાવવી પડે.

---

શરઈ માર્ગદર્શન

# ફતાવા વિભાગ

મવ. મુફતી અસ્જદ
દેવલ્વી સાહેબ
તસ્દીક કર્તા
મવ. મુફતી અહમદ દેવલા
સદર મુફતી જામિઅહ જંબુસર

## મચ્યિતને દફન કરવામાં કેટલું મોડું કરવાની ગુંજાઇશ છે ?

સવાલઃ—અસ્સલામુ અલૈકુમ વરહમતુલ્લાહી વબરકાતુહુ

મય્યીત કી તદફીન સે પહેલે કબતક ઘર પર રોક સકતે હે ? અગર કોઈ રીશ્તેદાર બહાર સે આનેવાલા હો તો કીતની દેર તક ઈન્તેઝાર કર સકતે હે ? અગર મય્યીત કો રીશ્તેદાર કે આને સે પહેલે તદફીન કરદેં તો દફન કરનેવાલે રીશ્તેદારોં કો ઈન્તેઝાર ન કરને કા ગુનાહ હોગા ? જવાબ દેકર શુક્રિયાકા મૌકા અતા ફરમાએ.

જવાબ:— حامدا و امصليا ومسلما

ઈન્તિકાલ કે બાદ મય્યીત કો જિતના હો સકે જલદી તદફીન કી કોશીશ કરની ચાહયે, રિશ્તિદારોં કે ઈન્તિઝારમેં લાશ કો દેર તક રોકે રખના બહેતર નહીં હે, ઓર ઈસ્લામી મીઝાજ કે ખિલાફ હે, ઓર હઝરત રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહી વ સલ્લમને એસી તાખીર ઓર દેરી કરને કો પસંદ નહી ફરમાયા. હઝરત અલી (રદી.)સે રિવાયત હે કે આપ સલ્લલ્લાહુ અલયહી વ સલ્લમને ઈરશાદ ફરમાયા :

> *"અલી તીન ચીઝોં મેં તા'ખીર ન કરના; નમાઝમેં જબ વકત હો જાએ, (વકતે મુસ્તહબ શુરૂ હો જાએ), જનાઝા જબ આ જાએ, ઓર નિકાહમેં જબ લડકી કે લીયે મુનાસિબ રિશ્તા આ જાએ."* *(તિરમીઝી શઃ ૧/૨૦૬)*

હઝરત તલ્હા બિન બરાઅ (રદી.) જબ મરઝુલ વફાત (આખરી બિમારી)મેં થે, આપ સલ્લલ્લાહુ અલયહી વ સલ્લમ જબ ઈયાદત (તીમારદારી) કે લીયે તશરીફ લાએ, તો ફરમાયાઃ "લગતા હે કે તલ્હા પર મોત આને હી વાલી હે, અગર એંસા હે, તો મુજે ઉસકી ઈત્તિલા દેના ઓર

જલદી કરના; કયૂંકે કિસી મુસલમાન કી લાશ કે હક મેં યે બાત મુનાસિબ નહીં હે, કે વો દેર તક અપને લોગોં કે દરમિયાન પડી રહે,''

*(અબૂદાઉદઃ ૪૫૦, કિતાબુલ ફતાવાઃ ૩/૧૪૦)*

મય્યીત કી નમાઝ, ઓર તદફીન મેં ઈતની દેરી કર શકતે હેં કે જિસમેં મય્યીત કો ગુસલ, કફન ઓર કબર કા ઈન્તિઝામ કીયા જા શકે, ઓર રિશ્તિદાર કે ઈન્તિઝારમેં કુછ તાખીર કી જા શકતી હે, મગર ઝિયાદા તાખીર કરના બહેતર નહીં હે.

હઝરત ફકીહુલ ઉમ્મત મવ.મુફતી મહમૂદ હસન ગંગોહી (રહ.) ફરમાતે હેઃ ''નમાઝે જનાઝા કે લીયે ઈત્તિલા કર દેને મેં મુઝાઈકહ (વાંધો) નહીં, ફિર જિસકો મોકા હો, આકર શરીક હો જાએ; લેકીન દુસરે મુહલ્લે કે લોગોં કે ઈન્તિઝારમેં મુઅખ્ખર (દેરી) કરના કે જબ તક સબ જગા કે લોગ ન આજાએં નમાઝ ન પળ્હી જાએ, ખ્વાહ કિતની હી દેર હો જાએ, યહ ઠીક નહીં હે, બલકે વકત મુતઅય્યન કર કે કેહ દિયા જાએ ઈતને બજે જનાઝા તય્યાર હો જાએગા ઓર નમાઝ હોગી'' (ફતાવા મહમૂદીય્યહઃ ૮/૫૮૪)

અલ્લામા શામી (રહ.) ફરમાતે હેંઃ

''મોત કે બાદ મય્યીત કી તજહીઝ વ તકફીન (ગુસલ દેકર, કફન પહેનાતે હુએ નમાઝ કે લીયે તય્યાર કરને)મે જલદી કી જાએ, યહી વજહ હે કે ફુકહાએ કિરામને નમાઝે જુમ્આ કે બાદ બડા મજમઅ નમાઝે પઢે, ઉસકી ગરઝ સે મય્યીત કી તદફીન ઓર નમાઝે જનાઝામેં તાખીર કરને કો મકરૂહ લિખ્ખા હે.'' *(શામીઃ ૩/૧૪૬,ઝક.)*

માલૂમ હુવા કે મય્યીત કો તજહીઝ વ તકફીન ઓર કબર તૈયાર હોને તક રખના ચાહયે, ઉસ સે ઝિયાદા વકત રખના શરીઅત કી નઝર મેં પસંદીદા નહી હે.

ફકત વલ્લાહુ તઆલા અ'અલમુ બિસ્સવાબ.

તા. ૨૫/સફર/૧૪૩૯

**બોધકથા**

એક મહાપુરૂષ ગુરૂજી હતા. એમના બે ચેલા (શિષ્યો/મુરીદો) હતા. બંને ચેલાઓ પોતાના મહાપુરૂષ ગુરૂજી ઉપર તન – મનથી ન્યોછાવર હતા. સેવા માટે પસીનો શું ? લોહી વહાવવા પણ તૈયાર હતા. ગુરૂજી લોકોને ઉપદેશ આપવા માટે આસપાસના ગામડાઓનું ભ્રમણ કરીને થાકી જતા તો રાત્રે સુતી વેળા બંને ચેલાઓ ખૂબ સેવા કરતા. પગ દબાવતા. તેલ માલિશ કરતા. બંને ચેલાઓ ડાબે જમણે શરીર દબાવવા બેસતા અને લગભગ એમના વચ્ચે એમ નક્કી થઈ ગયું હતું કે ડાબો પગ એક ચેલો દબાવશે તો જમણો પગ બીજો ચેલો દબાવશે.

આમ ઘણા સમય સુધી ચાલતું રહયું. એક દિવસ એવું થયું કે ગુરૂજી સૂતા સૂતા જમણા પડખે થયા ડાબો પગ જમણા પગ ઉપર મુકી દીધો. આ જોઈને જમણા પગની સેવા કરતા ચેલાને ઈર્ષા થઈ આવી. એને થયું મારા પગ ઉપર પેલાનો પગ હોય એ મારું અપમાન છે. એણે દંડો ઉગામ્યો અને જોરથી ડાબા પગ ઉપર ફટકાર્યો. ગુરૂજી તો દર્દથી આહ ! આહ ! કરવા લાગ્યા. દર્દના કારણે ફરી પડખું ફેરવ્યું તો હવે જમણો પગ ડાબા ઉપર આવી ગયો. આ વેળા ડાબા પગની સેવા કરતા ચેલાનો ગુસ્સો આવ્યો. એણે પોતાની લાઠી ચલાવી અને જમણા પગની બરાબર મરમ્મત કરી. બિચારા મહાપુરૂષ બુમો પાડતા રહયા કે નાલાયકો ! આ શું કરો છો ? પણ ચેલાઓ ગુરૂજીની નહીં, પોતાના અહમ અને શોખની સેવા કરતા હતા. આખરે ઘણા દિવસ સુધી ગુરૂજીના પગોની સારવાર કરવામાં આવી. હલદી – મલમ વગેરે લવાવવામાં આવ્યું ત્યારે તેઓ કંઈક ચાલતા થયા.

વાર્તા અહીં પૂરી થાય છે. આ વાર્તામાં ગરૂજી એટલે આપણી મુસલમાન કોમ – સમાજ અને ચેલા એટલે કોમ – સમાજની સેવા કરતી શૈક્ષણિક સામાજિક સંસ્થાઓ. જમાઅતો. રાજકીય પાર્ટીઓ. વગેરે. આ બધા દાવા કરે છે કે અમે કોમની સેવા કરીએ છે. રાજકીય પક્ષ ચાહે છે કે કોમ અમને વધારે મહત્વ આપે. શૈક્ષણિક – સામાજિક સંસ્થાઓ અલગ વિચારે છે કે આપણે દરેક પક્ષમાં આપણા માણસોને આગળ કરવાના પ્રયત્ન કરવા જોઈએ. એકને કોમની સેવા માટે ફકત રાજકરણ જ દેખાય છે તો બીજો કોમની સેવા માટે રાજકરણને ખોટું સમજે છે. પછી જયારે કોમ કોઈ એક તરફ ઢળતી દેખાય છે તો બીજો એની ખાર રાખીને કોમને નુકસાન કરવાના પ્રયત્ન કરે છે. ફકત એટલા માટે કે મુસ્લિમ કોમ એના બદલે બીજા તરફ વધારે ઢળી રહી છે. આ ફકત ઉદાહરણ છે. આજકાલ આવું બધું વિવિધ સ્તરે થાય છે. હવે તો એકબીજા વિરુદ્ધ આતંકવાદનો આરોપ લગાવીને પોલીસને ફરિયાદ કરવામાં આવે છે. *ખુદા તઆલા ઉમ્મતની હિફાજત કરે. આમીન*

# Muharram: Misconceptions and Baseless Traditions

Muharram is the month with which the Muslims begin their lunar Hijri calendar. It is one of the four sanctified months about which the Holy Quran says,

> "The number of months according to Allah is twelve (mentioned) in the Book of Allah on the day He created the heavens and the earth. Among these (twelve months) there are four sanctified."

There are some legends and misconceptions with regard to 'Ashura that have managed to find their way into the minds of the uneducated and have no support from authentic Islamic sources. Some very common misconceptions amongst them include the idea that it is the day on which Adam (upon him be peace) was created. Or that it is the day when Ibrahim (upon him be peace) was born. Or that it is the day when Allah accepted the repentance of Sayyiduna Adam, upon him be peace. Or that it is the day when Qiyamah (Doomsday) will take place. Or, lastly, that whoever takes a bath on the day of 'Ashura will never get ill. All these and other similar whims and fancies are totally baseless and the traditions referred to in this

respect are not worthy of any credit.

Some people take it as a sunnah to prepare a particular type of meal on the day of ‘Ashura. This practice, too, has no basis in the authentic Islamic sources.

Some other people attribute the sanctity of ‘Ashura to the martyrdom of Sayyiduna Husayn, may Allah be pleased with him, during his battle with the Syrian army. No doubt, the martyrdom of Sayyiduna Husayn, may Allah be pleased with him, is one of the most tragic episodes of our history. Yet, the sanctity of ‘Ashura cannot be ascribed to this event for the simple reason that the sanctity of ‘Ashura was established during the days of the Holy Prophet, upon him blessings and peace, much earlier than the birth of Sayyiduna Husayn, may Allah be pleased with him. On the contrary, it is one of the merits of Sayyiduna Husayn, may Allah be pleased with him, that his martyrdom took place on the day of ‘Ashura.

Another misconception about the month of Muharram is the idea that it is an evil or unlucky month because Sayyiduna Husayn, may Allah be pleased with him, was killed in it. It is due to this misconception that people avoid holding marriage ceremonies in the month of Muharram. This is again a baseless concept, which is contrary to the express teachings of the Holy Quran and the

Sunnah. If the death of an eminent person on a particular day renders that day unlucky for all times to come, one can hardly find a day of the year free from this bad luck because every day is associated with the demise of some eminent person. The Holy Quran and the Sunnah of the Holy Prophet, upon him blessings and peace, have liberated us from such superstitious beliefs.

**Lamentations and Mourning**

Another wrong practice related to this month is to hold lamentation and mourning ceremonies in the memory of the martyrdom of Sayyiduna Husayn, may Allah be pleased with him. As mentioned earlier, the event of Karbala is one of the most tragic events of our history, but the Holy Prophet (upon him blessings and peace) has forbidden us from holding mourning ceremonies on the death of any person. The people of Jahiliyyah (the days of ignorance) used to mourn their deceased through loud lamentations, tearing their clothes, and beating their cheeks and chests. The Holy Prophet, upon him blessings and peace, prevented the Muslims from it all and directed them to observe patience by exclaiming “Inna lillahi wa inna ilayhi raji‘un” (We are indeed Allah’s and to Him shall we return). A number of authentic hadiths are available on the subject. To quote only one of them:

> "He is not from us who slaps his cheeks, tears his clothes, and cries in the manner of the people of Jahiliyyah (the Age of Ignorance)." (Sahih al-Bukhari)

All the authentic jurists are unanimous on the point that the mourning of this type is impermissible. Even Sayyiduna Husayn (may Allah be pleased with him) shortly before his demise had advised his beloved sister Sayyidah Zaynab (may Allah be pleased with her) not to mourn over his death in this manner. He said,

> "My dear sister! I swear upon you that in case I die you shall not tear your clothes, nor scratch your face, nor curse anyone for me or pray for your death." (al-Kamil, Ibn al-Athir 4:24)

It is evident from this advice of Sayyiduna Husayn, may Allah be pleased with him, that this type of mourning was condemned by even the same blessed person for the memory of whom these mourning ceremonies are held. Every Muslim should avoid this practice and abide by the teachings of the Holy Prophet, upon him blessings and peace, and his beloved grandchild Sayyiduna Husayn, may Allah be pleased with him.

..................................

### અકલમંદ માણસ

અકલમંદ માણસ ખામોશ હોય ત્યારે અલ્લાહ તઆલાની કુદરતમાં ચિંતન – મનન કરતો હોય છે. અને આંખ ઉઠાવે ત્યારે દુનિયાથી બોધ હાસલ કરે છે.

### ફળ, ફૂલ અને લાગણીઓ

ફળ, ફૂલ અને લાગણીઓ એક નક્કી સમય પછી સડવા માંડે છે. એ પહેલાં કોઈ સારા કામમાં એનો ઉપયોગ કરી લેવો જોઈએ.

### દોસ્ત કેવો હોય ?

આપણો સમય બદલી નાંખે એવો દોસ્ત હોવો જોઈએ. આપણો સમય જોઈને બદલાય જાય એવો દોસ્ત ન હોવો જોઈએ.

### જવાબ કેવો હોય ?

અયોગ્ય સવાલોનો શ્રેષ્ઠ જવાબ ખામોશી છે. અને મુસ્કુરાહટ દરેક સ્થિતિમાં આવકાર્ય છે.

### કામ કે નસીહત ?

આવનારી પેઢી એમના બાપદાદાઓના કામો જોઈને વધારે શીખે છે. નસીહતથી નહીં.

### ખુશનસીબ કોણ ?

ખુશનસીબ એ નથી જેનું નસીબ સારું હોય. બલકે જે પોતાના નસીબ ઉપર હર હાલમાં ખુશ હોય એ સાચો ખુશનસીબ છે.

### દુખ – દર્દનો ફાયદો

માણસના જીવનમાં દુખ દર્દ ન હોત તો અલ્લાહ સાથે દુઆનો સંબંધ ન બની શકત.

### દીવારના કાન

દીવારના કાન હોય કે ન હોય. પણ આપણી આસપાસ રહેતા ફરિશ્તાઓ પાસે કલમ જરૂર છે. એટલે ગીબત કે ગુનો કરતાં પહેલાં જરૂર વિચારો.

### સાચા અખ્લાક

સંબંધો ખતમ થયા પછી સામે સામે વાળો શું કરે છે એનાથી સમજમાં આવશે કે એના અખ્લાસ અને દિલ કેવું છે ? સંબંધો હોય ત્યારે તો બધા જ સદવર્તન કરતા હોય છે.

### બદબખ્ત માણસ

બદબખ્ત એ માણસ છે જે મરી જાય છતાં એના ગુના જીવતા રહે. એટલે કે એવો કોઈ ગુનો કરી જાય જેનું નુકસાન લોકોને થતું રહે.

### મુકાબલો

મુસીબતનો મુકાબલો સબ્રથી કરો અને નેઅમતની હિફાઝત શુક્રથી કરો.

### ભેટ આપવી-લેવી

કોઈની ભેટ સ્વીકારવી અને સામે પોતે પણ એને ભેટ આપવી સુન્નત છે.

# સત્તાની સાઠમારી

એક બુઝુર્ગ હઝરત ષરવાન બિન સલમાન (રદિ.) ફરમાવે છે કે, એક વાર અમે મસ્જિદમાં બેસેલા હતા, એવામાં સહાબી હઝરત અમ્માર બિન યાસિર રદિ. ત્યાંથી પસાર થયા, અમે એમનાથી અરજ કરી કે, તમે ફિત્નાઓ વિશે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમથી જે કાંઈ સાંભળ્યું છે, તે વર્ણન કરો.

હઝરત અમ્માર બિન યાસિર (રદિ.)એ ફરમાવ્યું કે મેં અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને ફરમાવતાં સાભળ્યાં કે, મારા પછી એવા લોકો આવશે, જે એક બીજાની હત્યા – ખૂન કરીને સત્તા મેળવશે.

હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનું આ ફરમાન આપણને બતાવે છે કે સત્તા માટે આટલી હદે જવું, એક ફિત્નો છે, માટે એનાથી બચવાની જરૂર છે. જેમ હઝરત ઉસ્માન (રદિ.) એ એનાથી બચવાનો પ્રયત્ન કર્યો હતો. ● ●

***દુઆએ મગફિરત.***

● પાછલા દિવસોમાં ભરૂચ જિલ્લાના બુઝુર્ગ આલિમ અને કોમના ખિદમતગુઝાર જનાબ મવ. ઈસ્માઈલ ભુતા સાહેબ રહ. ઈન્તેકાલ ફરમાવી ગયા. ઈન્નાલિલ્લાહ. મરહૂમ ભરૂચ જિલ્લાના ટંકારીઆ ગામના વતની હતા. જલાલાબાદ ખાતે દીની તાલીમ મેળવી હતા. શેખે તરીકત હઝ. મવ. કમરૂઝઝમાન સાહેબ દા.બ.ના મુરીદ અને ખલીફા હતા. દીન અને ઈસ્લામની હમદર્દી ધરાવનાર હિમ્મત વાળા હતા. છોકરીઓની દીની તાલીમ માટે વિશેષ ફિકરમંદ હતા. પોતાના ગામમાં છોકરીઓનો એક મદરસો શરૂ કર્યો હતો. અને ગુજરાત બહાર પણ આ માટે પ્રયાસો કર્યા. ઉપરાંત ગરીબ ગામડાઓમાં મસ્જિદોના બાંધકામ માટે પણ વિશેષ મહેનત ફરમાવતા હતા. અલ્લાહ તઆલા એમની મગફિરત ફરમાવે અને જન્નતુલ ફિરદોસમાં ઉચ્ચ સ્થાન અતા કરે. આમીન.

● મુળ કાવીના અને સુરત ખાતે મુકીમ, મરહૂમ હઝ. મવલાના અલી સાહેબ. રહ. દીકરા જનાબ મવ. ઈસ્માઈલ ભાઈ પાછલા દિવસોમાં ઈન્તેકાલ ફરમાવી ગયા. ઈન્નાલિલ્લાહ. અલ્લાહ તઆલા એમની મગફિરત ફરમાવે અને જન્નતુલ ફિરદોસમાં ઉચ્ચ સ્થાન અતા ફરમાવે. આમીન.

● જનાબ મવલાના હસન ભડકોદ્રવી સાહેબ દા.બ.ના વાલિદહ પાછલા દિવસોમાં ઈન્તેકાલ થયાના દુખદ સમાચાર છે. અલ્લાહ તઆલા મરહૂમહની મગફિરત ફરમાવે. જન્નતુલ ફિરદોસમાં ઉચ્ચ સ્થાન અતા ફરમાવે. આમીન.